dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 151 | AD - 2025, Fagan Sud - 07 | Thursday, Dt.06-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### બજાજ ફાઇનાન્સ, ઇન્ડસઇન્ડ બેંક, એચડીએફસી બેંક અને ઝોમેટોના શેરમાં ઘટાડો

## ૧૦ દિવસ બાદ શેરબજારમાં તેજી : સેન્સેક્સમાં ૭૪૦ પોઇન્ટનો ઉછાળો

મુંબઈ,તા.૦૫

શેરબજારમાં ૧૦ દિવસથી ચાલી રહેલા સતત ઘટાડા પર બુધવારે વિરામ લાગ્યો હતો. બુધવારે શેરબજારમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો. બીએસઈ સેન્સેક્સ ૭૪૦.૩૦ પોઈન્ટ ઉછળીને ૭૩,૭૩૦.૨૩ પર બંધ થયો. તેવી જ રીતે,એનએસઇ નિફ્ટીમાં પણ ૨૫૪.૬૫ પોઈન્ટનો વધારો જોવા મળ્યો. નિફ્ટી ૨૨,૩૩૭.૩૦ પોઈન્ટ પર બંધ થયો હતો. આજે બજારમાં ચારે બાજુ ખરીદી જોવા મળી. લાર્જ, મિડ અને સ્મોલ કેપ શેરોમાં સારી વૃદ્ધિ જોવા મળી હતી. બજારમાં જોરદાર તેજીને કારણે રોકાણકારો આજે એક દિવસમાં લગભગ ૮ લાખ કરોડ રૂપિયા કમાયા હતા. હકીકતમાં, મંગળવારે જ્યારે બજાર બંધ થયું ત્યારે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩.૮૫ લાખ કરોડ હતું, જે બુધવારે વધીને રૂ. ૩.૯૩ લાખ કરોડ થયું. આ રીતે, રોકાણકારો એક દિવસમાં ૮ લાખ કરોડ રૂપિયા કમાયા છે. સેન્સેક્સના શેરોમાં, અદાણી પોર્ટ્સ, ટાટા સ્ટીલ, પાવર ગ્રીડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, આઈટીસી, નેસ્લે ઈન્ડિયા, એચસીએલ ટેક્નોલોજીસ, ભારતી એરટેલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એશિયન પેઈન્ટ્સ અને કોટક મહિન્દ્રા બેંક મુખ્ય વધ્યા હતા. બીજી તરફ, બજાજ ફાઈનાન્સ, ઈન્ડસઈન્ડ બેંક, એચડીએફસી બેંક અને ઝોમેટોના શેરમાં ઘટાડો થયો હતો. મહેતા ઈક્વિટીઝ લિમિટેડના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ (સંશોધન) પ્રશાંત તાપસેએ જણાવ્યું હતું કે, "વૈશ્વિક




બજારોમાંથી મજબૂત સંકેતોને પગલે સ્થાનિક સૂચકાંકોમાં વધારો થયો છે. આનું કારણ એ સંકેત છે કે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર વૈશ્વિક વેપાર તણાવ વચ્ચે કેટલાક ટેરિફ દરો પાછા ખેંચી શકે છે. આનાથી સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે. આ ઉપરાંત, ફેબ્રુઆરી પીએમઆઈ ઈન્ડેક્સમાં વધારો જેવા સ્થાનિક પરિબળોએ પણ બજાર સેન્ટિમેન્ટને મજબૂત બનાવ્યું, તાપસેએ જણાવ્યું હતું. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય માંગમાં સુધારો થવાને કારણે ફેબ્રુઆરીમાં ભારતના સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. આનાથી ઉત્પાદનમાં ઝડપી વિસ્તરણ થયું અને રોજગારમાં નોંધપાત્ર વધારો થયો. ફેબ્રુઆરીમાં મોસમી રીતે સમાયોજિત એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ વધીને ૫૯.૦ થયો હતો જે જાન્યુઆરીમાં ૨૬ મહિનાના નીચલા સ્તર ૫૬.૫ હતો. આ ઝડપી વિસ્તરણ દર્શાવે છે. એચએસબીસીના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, "ભારતનો સર્વિસ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ ફેબ્રુઆરી ૨૦૨૫માં વધીને ૫૯.૦ થયો હતો, જે જાન્યુઆરીમાં ૨૬ મહિનાના નીચલા સ્તર ૫૬.૫ થી ઘણો વધારે છે." નવા નિકાસ વેપાર સૂચકાંક મુજબ, છ મહિનામાં સૌથી ઝડપી ગતિએ વૃદ્ધિ પામેલી વૈશ્વિક માંગે ભારતના સેવા ક્ષેત્ર માટે ઉત્પાદન વૃદ્ધિને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. અન્ય એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ, હોંગકોંગનો હેંગ સેંગ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી વધારા સાથે બંધ થયા હતા. બપોરના કારોબારમાં યુરોપિયન બજારોમાં તેજીનો ટ્રેન્ડ રહ્યો. મંગળવારે વોલ સ્ટ્રીટ લાલ નિશાનમાં હતો. વૈશ્વિક તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૯ ટકા ઘટીને ૭૦.૬૯ પ્રતિ બેરલ થયું. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૩,૪૦૫.૮૨ કરોડના શેર વેચ્યા હતા.

## ઔરંગઝેબ પ્રેમી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમી મહારાષ્ટ્ર વિધાનસભામાંથી સસ્પેન્ડ

મુંબઈ,તા.૦૫

મુઘલ આક્રમણકાર ઔરંગઝેબને લઈને મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે હોબાળો મચી ગયો છે. સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આસીમ આઝમીને બજેટ સત્ર સુધી વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે આઝમીએ તાજેતરમાં જ ઔરંગઝેબના સમર્થનમાં નિવેદન આપ્યું હતું. આ પછી, અબુ આઝમીનો ભારે વિરોધ થયો અને તેમની સામે કેસ પણ નોંધવામાં આવ્યો. શિવસેનાના વડા અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પોતે અબુ આઝમી સામે રાજદ્રોહનો કેસ નોંધવાની માંગ કરી હતી. શિવસેના પણ આઝમીના સસ્પેન્શન પર અડગ હતી. માહિતી અનુસાર, મહારાષ્ટ્ર વિધાનસભાએ વર્તમાન બજેટ સત્રના અંત સુધી સપા ધારાસભ્ય અબુ આસીમ આઝમીનું ગૃહ સભ્યપદ સસ્પેન્ડ કરી દીધું છે. તમને જણાવી દઈએ કે અબુ આઝમી સમાજવાદી પાર્ટીના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ છે અને મુંબઈના માનખુર્દ શિવાજી નગર મતવિસ્તારના ધારાસભ્ય છે. અબુ આઝમીના સસ્પેન્શન બાદ, સપા ધારાસભ્ય રઈસ શેખએ કહ્યું કે તે વિધાનસભા અધ્યક્ષને મળશે. તેમણે કહ્યું કે અમે આ



બાબતે કાનૂની અભિપ્રાય લઈ રહ્યા છીએ. વિધાનસભાની કામગીરીના નિયમોનો અભ્યાસ કરીશ, ત્યારબાદ મીડિયા સમક્ષ મારો પક્ષ રજૂ કરીશ. અબુ આઝમીએ ગયા સોમવારે કહ્યું હતું કે- "ખોટો ઈતિહાસ બતાવવામાં આવી રહ્યો છે. ઔરંગઝેબે ઘણા મંદિરો બનાવ્યા. ઔરંગઝેબ ક્રૂર શાસક નહોતો. જ્યારે તેના સેનાપતિએ બનારસમાં એક પંડિતની પુત્રી સાથે દુર્વ્યવહાર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઔરંગઝેબે તે સેનાપતિને બે હાથીઓ વચ્ચે બાંધી દીધો અને તેને મારી નાખ્યો. બાદમાં તે પંડિતોએ ઔરંગઝેબ માટે એક મસ્જિદ બનાવી અને તેને ભેટ આપી. તે એક સારો વહીવટકર્તા હતો, તેણે જે કંઈ કર્યું તે સાચું હતું. જો તે કોઈ અન્ય રાજા હોત, તો તેણે પણ એવું જ કર્યું હોત." અબુ આઝમીએ એમ પણ કહ્યું- "ઔરંગઝેબના શાસન દરમિયાન, ભારતનો GDP ૨૪% હતો અને દેશ "સોનાનું પંખી" હતો. ઔરંગઝેબ તેમના માટે ખોટો નહોતો. તેમણે ઘણા મંદિરો પણ બંધાવ્યા. ઈતિહાસમાં ઘણી ખોટી વાતો કહેવામાં આવી છે."

## ચારધામ યાત્રા પર જતા શ્રદ્ધાળુઓ ચીન સરહદ નજીક આવેલા ગામડાઓની મુલાકાત લઈ શકશે

નવીદિલ્હી, તા.૦૫

વર્ષ ૨૦૨૫માં ચારધામ યાત્રા પર જતા શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર આવ્યા છે. હકીકતમાં, આ વર્ષે ઉત્તરાખંડમાં ગંગોત્રીની મુલાકાતે જતા ભક્તો અને પ્રવાસીઓ હવે ચીન સરહદ નજીકના ગામોમાં જઈ શકશે. ૬ માર્ચે પીએમ નરેન્દ્ર મોદી દેશના લોકોને એક નવા પર્યટન સ્થળની ભેટ આપવા જઈ રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નેલાંગ અને જડુંગ ગામોને પર્યટન માટે ખોલવાની જાહેરાત કરશે. વાસ્તવમાં આ ગામ ઉત્તરકાશી જિલ્લામાં ૧૧



હજાર ફૂટની ઊંચાઈ પર આવેલું છે. આ આખો વિસ્તાર લદ્દાખ જેવો ઠંડો છે, જે હિમાલયની પાછળનો વિસ્તાર છે. તમને જણાવી દઈએ કે નેલાંગ અને જાડુંગ ગામ ઉત્તરકાશી જિલ્લાના પ્રાચીન ગામોમાંના એક છે, જ્યાં ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચે યુદ્ધ થયું હતું. યુદ્ધ પછી, ચીની સેનાએ બોમ્બમારા દ્વારા આ બંને ગામોનો નાશ કર્યો હતો. આ કારણોસર, બંને ગામના લોકો બાગોરી, ડુંડા અને હર્ષિલ ખીણના અન્ય ગામોમાં સ્થાયી થયા હતા. તે પછી, આ સમગ્ર વિસ્તાર ભારતીય સેનાના નિયંત્રણ હેઠળ હતો, જ્યાં ભારતીય સેના દેખરેખ રાખી રહી હતી. જો આપણે આ ગામોના ઐતિહાસિક મહત્વ વિશે વાત કરીએ તો પ્રખ્યાત ગટાંગ ગલી પણ આ વિસ્તારમાં છે જે તિબેટ જવાનો માર્ગ છે. આ ઉપરાંત, અહીં સ્થિત જનકતાલ પણ ખૂબ પ્રખ્યાત છે. તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકાર વાઈબ્રન્ટ વિલેજ યોજના હેઠળ જડુંગ ગામનો વિકાસ કરી રહી છે. આવી સ્થિતિમાં, પ્રવાસનની દ્રષ્ટિએ, કેન્દ્ર સરકાર અહીં ૩.૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરીને હોમસ્ટે બનાવી રહી છે. આ ઉપરાંત, પ્રખ્યાત લેખક રાહુલ સાંકૃત્યાયન અને બાબા નાગાર્જુન પણ આ ઘાટ દ્વારા તિબેટ પહોંચ્યા હતા.

### રાન્યા રાવ કન્નડ ફિલ્મોની જાણીતી હીરોઈન હતી

## દુબઈથી આવેલ ફિલ્મ હિરોઈન એરપોર્ટ પરથી ૧૨ કરોડના સોના સાથે ઝડપાઈ

બેંગ્લુરૂ,તા.૦૫

કન્નડ ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલી જાણીતી હીરોઈન રાન્યા રાવ સોનાની દાણચોરીના આરોપમાં પકડાઈ છે. તે દુબઈથી સોનાના કન્સાઈનમેન્ટ લઈને બેંગ્લોર એરપોર્ટ પર ઉતરી હતી. આ સમય દરમિયાન ડીઆરઆઈના અધિકારીઓએ તેને કસ્ટડીમાં લીધી હતી અને તેની તલાશી દરમિયાન તેની પાસેથી ૧૪.૮ કિલો સોનું મળી આવ્યું હતું. રાન્યા કર્ણાટકના ડીજીપી રામચંદ્ર રાવની પુત્રી છે અને તેના પિતાના પદના પ્રભાવનો ગેરફાયદો ઉઠાવીને દાણચોરી કરતી હતી. હાલમાં ડીઆરઆઈની ટીમે રાન્યા રાવને કસ્ટડીમાં લઈ તેની પૂછપરછ શરૂ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાન્યા રાવ પોલીસ મહાનિર્દેશક રામચંદ્ર રાવની સાવકી પુત્રી છે. રાન્યાની માતાએ રામચંદ્ર રાવ સાથે બીજા લગ્ન કર્યા છે. ડીઆરઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાન્યાએ ભૂતકાળમાં કન્નડ ફિલ્મોમાં કામ કર્યું છે અને તેની ખૂબ જ ચર્ચિત ફિલ્મોમાંની એક હતી માણિક્ય. જો કે બાદમાં તે દાણચોરીના ધંધામાં લાગી ગઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે તે લાંબા સમયથી દુબઈથી ભારતમાં સોનાની દાણચોરી કરી રહી હતી. દરમિયાન ડીઆરઆઈ અધિકારીઓને રાન્યા રાવ વિશે સંબંધિત ઈનપુટ મળ્યા હતા. આ પછી ડીઆરઆઈના અધિકારીઓ ફ્લાઈટના આગમનના બે કલાક પહેલા એરપોર્ટ પર પહોંચ્યા અને દુબઈથી આવતા દરેક પેસેન્જરની તપાસ કરવાની શરૂઆત કરી હતી.



આ દરમિયાન જેવી તપાસ ટીમ રાન્યાને શોધવા પહોંચી તો તેણે પહેલા તેના પિતાના પદનો પ્રભાવ પાડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. તેમ છતાં ડીઆરઆઈના અધિકારીઓ રાન્યા રાવને ઈન્વેસ્ટિગેશન રૂમમાં લઈ ગયા અને તેના કપડાની તપાસ કરી. રાન્યાએ તેના કપડાના અંદરના ભાગમાં ૧૪.૮ કિલો સોનાનું પડ બનાવ્યું હોવાનું બહાર આવ્યું હતું. ડીઆરઆઈના અધિકારીઓના જણાવ્યા અનુસાર અભિનેત્રી રાન્યા રાવ પાસેથી મળેલા સોનાની કિંમત, ખુલ્લા બજારમાં ૧૨ કરોડ રૂપિયાથી વધુ છે. હવે ડીઆરઆઈએ આ રેકેટ સાથે જોડાયેલા અન્ય લોકોની પણ શોધખોળ શરૂ કરી છે.











## સર્વોપરિતા સાબિત કરવા અંગે IAS અધિકારીઓને સુપ્રીમની ફટકાર



ન્યુ દિલ્હી,તા.૦૫

સુપ્રીમ કોર્ટે બુધવારે IAS, IPS અને IFSના સિવિલ અધિકારીઓ વચ્ચે ચાલી રહેલી અહંકારની લડાઈમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (IAS)ના અધિકારીઓને ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ જ્યોર્જ મસીહની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, IAS અધિકારીઓ હંમેશા IPS અને IFS અધિકારીઓ પર પોતાની સર્વોપરિતા બતાવવાનો પ્રયાસ કરે છે. જસ્ટિસ ગવઈએ જણાવ્યું હતું કે, 'IAS હંમેશા IPS અને IFS પર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરે છે.




# લાઠી શહેરના પ્રથમ નાગરિક બનતા દયાબેન જમોડ, ઉપપ્રમુખ તરીકે બાબુભાઈ ધોળકીયા

લાઠી,તા.૦૫

લાઠી નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની તા.૦૫ના રોજ ચૂંટણી યોજાઈ હતી. પ્રમુખ-ઉપપ્રમુખને લઈ ભાજપ કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. લાઠી નગરપાલિકાના પ્રમુખ તરીકે વોર્ડ નંબર ૫ના દયાબેન ચેતનભાઈ જમોડનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. જયારે ઉપપ્રમુખ પદે વોર્ડ નંબર ૬ના બાબુભાઈ ધોળકિયાનું નામ જાહેર કરાયુ હતું. તેમજ કારોબારી ચેરમેન પદે વોર્ડ નંબર ૪ના પારૂલબેન ડેર જાહેર થતાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. હોદેદારોના નામ જાહેર થતાં સમર્થકોમાં ઉત્સાહ અને ખુશીની લાગણી જોવા મળી હતી. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોની સહિતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાજુલા નગરપાલિકા પ્રમુખનો તાજ જયોતિબેન દવેના શીરે

**ઉપપ્રમુખ તરીકે ઘનશ્યામભાઈ વાઘની વરણી**

રાજુલા,તા.૦૫

રાજુલા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારીની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ માટે પ્રાંત અધિકારી કક્ષાના અધિકારીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી અને પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. રાજુલા નગરપાલિકા પ્રમુખ તરીકે જ્યોતિબેન મયુરભાઈ દવેની વરણી કરવામાં આવી જ્યારે ઉપપ્રમુખ તરીકે ઘનશ્યામભાઈ વાઘની વરણી કરવામાં આવી છે. કારોબારી ચેરમેન તરીકે હેમલ વસોયાની વરણી કરવામાં આવતા નગરપાલિકામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાજપ કાર્યકરોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી.


તસવીર : ગોપાલ રાઠોડ

# બગસરાથી દ્વારકા સુધી ભરવાડ સમાજની પદયાત્રામાં ૧૫૦૦થી વધુ યાત્રીઓ જોડાયા

બગસરા, તા.૦૫

બગસરાના ભરવાડ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દ્વારકા સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૧૫૦૦થી વધુ પદયાત્રીઓ દ્વારકા જવા રવાના થયા હતા. બગસરામાં છેલ્લા ૧૫ વર્ષથી ફાગણ મહિનામાં હોળી અને ધુળેટીના સમયે આ પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભરવાડ સમાજના ભાઈઓ અને બહેનો પદયાત્રામાં જોડાયા હતા. આ પદયાત્રા દરરોજ અંદાજે ૨૫ કિલોમીટરનું અંતર કાપશે અને ૯ દિવસમાં દ્વારકા પહોંચશે. દ્વારકા પહોંચ્યા બાદ પદયાત્રીઓ ગોમતી નદીમાં સ્નાન કરશે અને હોળીમાં ફૂલડોલની ઉજવણી કરશે.


તસવીર : હાર્દિક બામટા

**હોર્ન વગાડવા બાબતે મહિલા સહિત બે સામે ફરિયાદ**

# રાજુલાનાં વિસળીયા ગામે જુના મનદુ:ખમાં પ્રૌઢાને માર માર્યો

અમરેલી, તા.૦૫

રાજુલા તાલુકાનાં વિસળીયા ગામે એક વર્ષ પહેલા થયેલા મનદુ:ખનો ખાર રાખી ત્રણ શખ્સોએ પ્રૌઢા સહિત બે લોકોને માર મારતા પ્રૌઢાએ ત્રણ શખ્સો સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી લાભુબેન વાઘજીભાઈ બારૈયાને એક વર્ષ પહેલા પોતાના ગામમાં મનદુ:ખ થયું હતું. જેનો ખાર રાખી ગામમાં રહેતા ગંભીર કાના બાંભણીયા, રામજી ગંભીર બાંભણીયા અને જયેશ ગંભીર બાંભણીયા નામના ત્રણ શખ્સોએ ફરિયાદી લાભુબેન અને સાહેદ પોતાની ગાડી લઈને ગામની પ્રાથમિક શાળા પાસે પહોંચતા ત્રણેય શખ્સોએ ગાડી આડે મોટરસાયકલ આડું ઉભું રાખી સાહેદ રજનીશભાઈને ગાડીમાંથી બહાર કાઢી લોખંડનાં પાઈપથી માર મારતા લાભુબેન છોડાવવા વચ્ચે પડતા તેમને પણ ત્રણેય શખ્સોએ ગાળો આપી પાઈપથી મૂંઢમાર મારી તેમને ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પ્રૌઢાએ ત્રણ શખ્સો સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે ફરિયાદી ગંભીર કાના બાંભણીયાએ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી રજનીશ વાઘજી બારૈયા અને ભાનુબેન વાઘજી બારૈયા બંને પોતાની છોટા-હાથી ગાડી લઈ નીકળતા હોય ફરિયાદી ગંભીરભાઈને જોઈ અવારનવાર હોર્ન મારતા હોય તેથી ફરિયાદીએ આરોપીઓનાં સગાઓને સમજાવવા માટે કહેતા જે આરોપીઓને સારૂં નહી લાગતા મહિલા સહિત બે લોકોએ ફરિયાદી ગંભીરભાઈને લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયા મોટા ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા ઘીનાં શિવલિંગના દર્શનનું આયોજન

લીલીયા, તા.૦૫

લીલીયા મોટા ખાતે શિવરાત્રીનાં પર્વ નિમિત્તે બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા ૩૦ કિલો ઘીમાંથી શિવલિંગ બનાવવામાં આવ્યુ હતું. શહેર તથા આસપાસનાં ગામોનાં હજારો લોકોએ શિવલીંગનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. તેમજ સાંજના મહાઆરતી અને બ્રહ્માકુમારી યોગીતાબેન દ્વારા શિવકથા કરવામાં આવી હતી. તેમજ સેવા કેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી ચંપા દીદી દ્વારા ભક્તજનોને પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



# દામનગરમાં હઝરત વલી શિથરીયા પીરનો ઉર્ષ ઉજવાયો

દામનગર, તા.૦૫

દામનગર શહેરમાં રેવન્યુ વિસ્તારમાં બિરાજતા શ્રેષ્ટ સિદ્ધાંતના સંવાહક અને કોમી એકતાના હિમાયતી હઝરત વલી શિથરીયા પીરના ઉર્ષમાં હજારોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો. હજારો શ્રધ્ધાળુઓએ ચાદર દર્શન કર્યા હતા. શેરણી પુષ્પ અર્પણ કરતા ભાવિકો દામનગર શ્રી લટુરિયા હનુમાનજી મંદિર મહંત હઠયોગી સિદ્ધ સંત ખડેશ્વરી ઘનશ્યામગિરી બાપુએ પુષ્પ ચાદર ચઢાવી હતી. હઝરત વલી શિથરીયા પીરનો ઉર્ષ ઉજવાયો હતો.


તસવીર : વિનોદ જયપાલ

# જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણી બાદ પ્રમુખ, ઉપપ્રમુખની વરણી કરાઈ

જાફરાબાદ, તા.૦૫

જાફરાબાદ નગરપાલિકામાં પ્રમુખ તરીકે રવિનાબેન પ્રફુલ્લભાઈ બારૈયા, ઉપપ્રમુખ તરીકે નીરવભાઈ ઠાકર અને કારોબારી ચેરમેન તરીકે કનૈયાલાલ સોલંકી તેમજ દંડક તરીકે વિનોદભાઈ સોલંકી તેમજ પક્ષના નેતા તરીકે બાલકૃષ્ણભાઈ સોલંકીની વરણી કરાઈ હતી. ભાજપા પાર્લામેન્ટરી દ્વારા પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન, દંડક તેમજ પક્ષના નેતાની જાહેરાત કરાયા બાદ જાફરાબાદ નગરપાલિકા ટાઉન હોલ ખાતે વિધીવત રીતે નગરપાલિકાનાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી.


તસવીર : બાબુ વાઢેળ

# અમરેલી જિલ્લામાં દેશી દારૂનાં ધંધાર્થીઓ પર પોલીસની રેઈડ

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં દેશી દારૂનું દુષણ નાબુદ કરવા માટે પોલીસે કડક કામગીરી હાથ ધરી છે. ડુંગર પોલીસે વનરાજ પાલા ચૌહાણનાં કબજામાંથી ૧ લીટર દેશી દારૂ, જાફરાબાદ ટાઉનમાંથી કાના બીજલ સોલંકીનાં કબજામાંથી ૫ લીટર દેશી દારૂ, ચલાલા પોલીસે જયરાજ નારણ ચાવડા, ગૌતમ વિનુ મકવાણા, સુરેશ રણુભાઈ વાળા રહે. કથીવદર, હરેશ બાલાભાઈ દાદુકીયા રહે. સોનારીયાવાળાનાં કબજામાંથી ૭ લીટર દેશી દારૂ તેમજ બે મોબાઈલ ફોન ઝડપી પાડવામાં આવ્યા હતા અને રવિ ભનુ સાપરીયાનાં કબજામાંથી ૫ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. દામનગર પોલીસે લાઠીનાં ધામેલ ગામે રહેતી રાધા અરવિંદ વાઘેલાનાં કબજામાંથી ૪ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. તેમજ દામનગરમાંથી અંજુ રમેશ ભારોલાનાં રહેણાંક મકાનેથી ૪ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. નાગેશ્રી પોલીસે મુકેશ સવજી સીસણાદા રહે.દોલતીવાળા પાસેથી ૬ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. વંડા પોલીસે મયુર શંભુ વાઘેલા પાસેથી ૫ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આમ જિલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનોની હદમાં દેશી દારૂનું વેંચાણ કરતા ઈસમો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરતા દારૂનાં ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાયો છે.

# સાવરકુંડલામાં બોગસ તબીબનો મેડિકલ સ્ટોર સીલ, ફાર્માસિસ્ટ વિના દવાઓનું વિતરણ થતું હોવાની ફરિયાદ

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ મામલતદાર કચેરીની સામે આવેલ નંદનવન હોસ્પિટલમાં ચાલતા મેડિકલ સ્ટોરનું લાયસન્સ ડ્રગ્સ અને ફૂડ વિભાગ, અમરેલી દ્વારા રદ કરવામાં આવ્યું છે. આ કાર્યવાહી સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલની ફરિયાદ બાદ કરવામાં આવી છે. ગોહિલે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, નંદનવન હોસ્પિટલ કોઈ પણ પ્રકારની ડિગ્રી વિના ચલાવતા ડોક્ટરની માલિકીની છે. આ હોસ્પિટલમાં નંદનવન મેડિકલ સ્ટોર નામની દવાની દુકાન આવેલી છે, જેનું સંચાલન બોગસ ડોક્ટરના ભાઈ કરે છે. આ મેડિકલ સ્ટોરમાં ફાર્માસિસ્ટ તરીકે મકાણી ધૃવિલકુમાર ભરતભાઈ નોંધાયેલા છે, પરંતુ તેઓ અહીં ક્યારેય હાજર રહેતા નથી. ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં દવાઓનું વિતરણ કરવામાં આવે છે, જેના કારણે લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાં છે. આ ફરિયાદના આધારે ડ્રગ્સ અને ફૂડ વિભાગના ઔષધ નિરીક્ષકે ૩૧/૦૮/૨૦૨૪ના રોજ તપાસ કરી હતી અને મેડિકલ સ્ટોરને કારણદર્શક નોટિસ પાઠવી હતી. મેડિકલ સ્ટોર દ્વારા રજૂ કરાયેલા ખુલાસા અન્વયે તેનું લાયસન્સ ૦૩/૦૩/૨૦૨૫થી ૦૯/૦૩/૨૦૨૫ સુધી સાત દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી સાવરકુંડલા શહેરમાં ફાર્માસિસ્ટ વિના ચાલતા મેડિકલ સ્ટોરધારકોમાં ફફડાટ ફેલાયો છે. રામદેવસિંહ ગોહિલે ડ્રગ્સ અને ફૂડ વિભાગની કાર્યવાહીને આવકારી છે.







સિંહણ એટલી ગુસ્સામાં હતી કે, ખેડૂતના પેટ પર બેસી ગઈ અને પેટ ચીરી નાખ્યું

# જાફરાબાદ નજીક વાડી વિસ્તારમાં ખેડૂતને ફાડી ખાતી સિંહણ

**સિંહણને બેભાન કરી પાંજરે પુરવામાં આવી, શ્રમિકોમાં ભયનો માહોલ**

જાફરાબાદ,તા.૦૫

જાફરાબાદ અને ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાની સરહદે આવેલા કાકીડી મોલી ગામ નજીક વાડી વિસ્તારમાં ખેડૂત મંગાભાઈ બોઘાભાઈ બારૈયા મોડી સાંજે કામ કરી રહ્યા હતા આ દરમિયાન અચાનક સિંહણ આવી હતી અને જીવલેણ હુમલો કર્યો હતો. ખેડૂત મંગાભાઈ બારૈયા પર અચાનક સિંહણે હુમલો કરતાં એમણે સિંહણને ભગાડવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, સિંહણ એટલી આક્રમક હતી કે ગણતરીની મિનિટોમાં સિંહણે મંગાભાઈનું પેટ ચીરી નાખ્યું હતું. આ ઘટનાની જાણ આજુબાજુની વાડીના ખેડૂતોને થતાં તેમણે તરત ગ્રામજનો અને



વનવિભાગને આ અંગે જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ વનવિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સિંહણને ખેડૂતના મૃતદેહ પરથી દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, સિંહણ એટલી ગુસ્સામાં હતી કે ખેડૂતની છાતી પર બેસી ગઈ હતી અને મૃતદેહ પરથી હટતી નહોતી. જેથી વનવિભાગની ટીમે જેસીબી અને ટ્રેક્ટરની મદદ લઈ સિંહણને ખેડૂતના મૃતદેહ પરથી દુર કરી હતી. આ બાદ શેત્રુંજી ડિવિઝનના DCF જયંત પટેલ અને ACF વિરલસિંહ ચાવડાની આગેવાનીમાં વનવિભાગની ટીમે મેગા ઓપરેશન હાથ ધરી ટ્રાન્ક્વીલાઈઝર આપી સિંહણને પાંજરે પૂરીને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડી હતી.

### ઉનાળામાં સિંહ વધુ ઘાતક બને છે : ડીએફઓ પટેલ

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી સિંહોના હુમલાઓ વધતા માનવીઓ મોતને ભેટી રહ્યાં છે. આ અંગેનું કારણ આપતા પાલીતાણા શેત્રુંજી રેન્જના ડીએફઓ જયંત પટેલ જણાવે છે કે સિંહ ઉનાળાની સિઝન દરમિયાન વધુ ઘાતક બને છે તેમજ પાણીની શોધમાં છાશવારે વન્યપ્રાણીઓ રેવન્યુ વિસ્તારમાં પણ આવી ચડે છે. સિંહોને કનડગત કરવામાં આવે ત્યારે તેઓ વધુ ઝનુની બને છે. સિંહોના હુમલાથી બચવા માટે ખેડૂતો અને શ્રમિકોએ ખુલ્લામાં ન સુવુ જોઈએ તેમજ લાકડી તેમજ ટોર્ચ સાથે રાખવી જોઈએ.

### માનવીઓ પર સિંહના વધતા જતા હુમલા

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા વધતી જતી હોવાની સાથે સિંહોના માનવીઓ પરના હુમલાઓ પણ વધ્યા છે. તાજેતરમાં અમરેલીના પાણીયા ગામે ૬ વર્ષના માસુમને ફાડી ખાધો હતો તો બાબાપુર ગામે પણ સિંહે એક માનવીને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ ઘટનાઓ હજી તાજી છે ત્યાં ફરી એકવાર જાફરાબાદ પંથકમાં ગીર ગઢડા તાલુકા નજીક સિંહણે એક ખેડૂતને મોતને ઘાટ ઉતાર્યો હતો. સિંહોના માનવીઓ પર વધતા જતા હુમલાના બનાવોને લઈ ખેડૂતો અને શ્રમિકોમાં ભયનો માહોલ છવાયો છે.

## કેરળમાં સા.કુંડલાની નિવૃત પ્રાધ્યાપિકા ચક્રફેંકમાં પ્રથમ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૫

સાવરકુંડલાની શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજના નિવૃત પ્રાધ્યાપિકા ડો. માલવિકાબેન જોશી ૭૦+ ગ્રુપમાં ચક્રફેંકમાં પ્રથમ નંબરે ગોલ્ડ મેડલ અને ગોળાફેંકમાં દ્વિતીય નંબરે સિલ્વર મેડલ મેળવી પોતાની જ્ઞાતિનું, સાવરકુંડલાનું અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે.

## સાવરકુંડલાની સરકારી પે સેન્ટર શાળા નં. ૧ ખાતે વ્યસન મુક્તિ અંગે ચિત્ર પ્રદર્શન યોજાયું

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં સરકારી પે સેન્ટર શાળા નંબર ૧ ખાતે તા.૩-૩-૨૫ના રોજ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઉજાસ ભણી કાર્યક્રમને અનુલક્ષીને વ્યસન મુક્તિ અંગે ચિત્ર પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિલ્પાબેન દેસાઈ, હિતેશભાઈ જોષી, વૈશાલીબેનના સંયુક્ત પ્રયાસોથી આ વ્યસન મુક્તિ સેમિનારનું આયોજન થયેલ. આ પ્રદર્શન દ્વારા વ્યસન કેવી રીતે દૂષણ બને છે, શરીરમાં કેવી રીતે ફેલાય છે,



કેવી કેવી અસરો થાય છે, શરીરને શું નુકસાન કરે છે, કેવી સામાજિક અધોગતિ થાય છે, વ્યસનમાંથી કેવી રીતે છૂટકારો મેળવી શકાય એ માટે ક્યાં ક્યાં ઉપકરણો શ્રેષ્ઠ સાબિત થાય તે વિષે શિક્ષકોએ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. સમાજના અન્ય લોકોએ પણ આ ચિત્ર પ્રદર્શનને નિહાળ્યું હતું. દિપ્તીબેન ડોડીયા અને પ્રિયાબેન ભાડ સહિત સ્ટાફ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી. સાવરકુંડલાના બી.આર.સી. કોઓર્ડીનેટર વિપુલભાઈ દુધાતે આ કાર્યક્રમની મુલાકાત લીધી હતી. શાળાના ઈન્ચાર્જ આચાર્ય હેતલબેન ચોટલીયાએ સમગ્ર સ્ટાફને અભિનંદન આપીને બિરદાવ્યા હતા.

## અવસાન નોંધ

**બાબરા**

ઠા.સ્વ. હીરાલાલ ગાંડાલાલ સેદાણીનાં પુત્ર ધર્મેશભાઈ(એડવોકેટ) ઉ.વ.૪૮ તેઓ સ્વ.મહેન્દ્રભાઈ તથા સુરેશભાઈ, ભાવિનભાઈ, ભરતભાઈનાં નાનાભાઈનું તા.૪/૩/૨૫નાં રોજ અવસાન થયું છે. તેમનું ઉઠામણું તા.૬/૩/૨૫ સાંજે ૪ થી ૬ લોહાણા મહાજનવાડી બાબરા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વર્ગસ્થ ખખ્ખર નવિનચંદ્ર ચત્રભુજભાઈ(લીલાપૂર) હાલ રાજકોટ તે સ્વર્ગસ્થ સ્વ. કાકુભાઈ, સ્વ.બાલકૃષ્ણભાઈ, સ્વ. બટુકભાઈ, સ્વ. ભુપતભાઈનાં નાનાભાઈ તે ખખ્ખર જીગ્નેશભાઈ, આશિષભાઈ, દિપકભાઈ, અંજનાબેન, ડિમ્પલબેનનાં પિતાશ્રી તે અશ્વીનભાઈ, અશોકભાઈનાં સસરા. તે કુંડલીયા સ્વ. કાન્તીલાલ, મનસુખભાઈના બનેવી તા.૦૫/૩/૨૦૨૫નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનુ ચક્ષુદાન પણ કરેલ છે. પિયરપક્ષની સાદડી તથા ઉઠામણુ તેમના નિવાસે સાથે જ રાખેલ છે. ઉઠમણું તા.૦૬/૦૩/૨૦૨૫ને ગુરૂવાર, સમય સાંજે ૪ થી ૫, એ-૧૩૦૨, સોપાન લક્ઝરીયસ ડ્રીમ સિટીની પાછળ, રૈયાધાર, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

રમીલાબેન બીપીનકુમાર મશરૂ (ઉ.વ.૭૭)નું તા.૦૨/૦૩ના રોજ અવસાન થયેલ છે. તે ધીરજલાલ બાવચંદભાઈ નથવાણી, ચુનીલાલ બાવચંદભાઈ નથવાણી, રમેશચંદ્ર બાવચંદભાઈ નથવાણી (તાતણીયા વાળા)ના બેન થાય છે. તેમની સદગતની સાદડી તા.૦૬/૦૩ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે શ્રી લોહાણા વિદ્યાર્થીભવન મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે .

## સાવરકુંડલાની ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ.નો કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ૪-૩-૨૦૨૫ ના રોજ એન.એસ.એસ અંતર્ગત વન-ડે કેમ્પનું આયોજન થયું હતું. જેમાં એન.એસ.એસની શિબિરાર્થી બહેનોમાં સ્વચ્છતા, સેવા અને સ્વયંશિસ્ત જેવા ગુણો વિકસિત થાય તેવા હેતુથી સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એન.એસ.



એસ. યુનિટ ચલાવાઈ રહ્યાં છે. જેમાં વિદ્યાર્થિનીઓએ સમગ્ર કોલેજના ક્લાસરૂમ, પ્રાર્થના હોલ, લાઈબ્રેરી, ઓફિસો તથા કોલેજનું કમ્પાઉન્ડ સ્વચ્છ કરી પ્લાસ્ટિક મુક્ત કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્ય ડી.એલ. ચાવડાનું માર્ગદર્શન અને કોલેજના સમગ્ર સ્ટાફનો સહકાર મળ્યો હતો.

## રાજુલા ગાયત્રી શક્તિપીઠમાં વિનામૂલ્યે આરોગ્ય-નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાશે

રાજુલા, તા.૦૫

રાજુલા ગાયત્રી શક્તિપીઠ ખાતે તારીખ ૯ માર્ચ, ૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી વિનામૂલ્યે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં નેત્ર નિદાન, આયુર્વેદિક, હોમિયોપેથિક, સ્ત્રી રોગ, કેન્સર અને માથા તથા ગળાના રોગોનું નિદાન કરવામાં આવશે. કેમ્પમાં નેત્ર નિદાન બાદ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન કરી આપવામાં આવશે. આ ઉપરાંત, આયુર્વેદિક અને હોમિયોપેથિક નિદાન બાદ તમામ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે. સ્ત્રી રોગ, કેન્સર, માથું અને ગળાના રોગોનું પણ વિનામૂલ્યે નિદાન કરવામાં આવશે. આ કેમ્પમાં સુદર્શન નેત્રાલય અમરેલી હોસ્પિટલની ટીમ અને ડોક્ટરો નિદાન કરી ઓપરેશન માટે લઈ જશે. અમદાવાદની એપોલો હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટર સ્મિત શાહ માથા, ગળા અને અન્ય રોગોનું નિદાન કરશે. આ કેમ્પમાં ડોક્ટર વિશાલ દોશી, ડોક્ટર એસ.કે. જીંજાળા, ડોક્ટર અશોક ભટ્ટ અને ડોક્ટર જીતેશ મુછડિયા પણ સેવા આપશે. આ કેમ્પ ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડના સંપૂર્ણ આર્થિક સહયોગથી યોજાશે. આ ઉપરાંત, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીનો પણ સહયોગ મળશે. જે દર્દીઓને મોતિયો હોય તેઓએ ઓપરેશન માટે આવતી વખતે આધાર કાર્ડની ઝેરોક્ષ લાવવી ફરજિયાત છે.


સંકુલ બપોરની ગર્લ્સ સ્કૂલ – ધો. ૧૧-૧૨ સાયંસ પ્રવેશ
સંકુલ સવારની મિશ્ર સ્કૂલ – ધો. ૧૧-૧૨ સાયંસ પ્રવેશ
સંકુલ સવારની ઈ.મી. સ્કૂલ – ધો. ૧૧-૧૨ સાયંસ પ્રવેશ
★ ત્રણેય સાયંસ સ્કૂલમાં – બાયોલોજી & મેથ્સ – બન્ને ગૃપ માં પ્રવેશ મળશે
JEE - NEET - GUJCET ડેઈલી ક્લાસ & All પ્રેક્ટીલ પરફોર્મ વ્યવસ્થા
★ ગર્લ્સ સ્કૂલ બપોરે ૧૨:૪૫ થી ૦૬:૧૫ – મિશ્ર સ્કૂલ સવારે ૦૭:૧૫ થી ૧૨:૪૫
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 122







## જિલ્લામાંથી ૧૮ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી મળી દોઢ ડઝન પ્યાસીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલીના મફતપરામાંથી રહેણાંક મકાનની પાછળના ભાગે બાવળની કાંટમાં છુપાવેલ પીવાનો દેશી દારૂ બનાવવાનો આથો લીટર ૧૦૦૦ કિં.રૂ.૨૫,૦૦૦ પકડાયો હતો. આ સિવાય ત્રણ મહિલા સહિત ૧૦ લોકો પાસેથી ૫૧ લીટર પીવાનો દેશી દારુ મળ્યો હતો.


★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ:
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી



વેચવાનુ છે.
મિલકત ચિતલ રોડ ટચ
નાના માચીયાળા ગામે બીન ખેતી ઉદ્યોગ
સર્વે નં. ૨૯૮ પૈકી
• ગોડાઉન ચોરસ મીટર - ૪૭૬ સ્લેબ વાળુ
• ગોડાઉન ચોરસ મીટર - ૧૨૧ સ્લેબ વાળુ
• ઓફીસ ચોરસ મીટર - ૬૫ સ્લેબ વાળુ
• પતરાનુ ગોડાઉન ચોરસ મીટર - ૨૭૬
• પાણી બોર અને ટાંકો
• ખુલી જગ્યા ૧૧૧૦૪ ચોરસ મીટર
• કુલ જમીન મીટર ૧૨૧૪૧ (એકર - ૩)
પાર્ટનર :- મો.નં.૯૮૯૮૪૨૨૭૦૯
દલાલ :- ૯૯૦૯૦૧૪૧૮૬



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરાના જુની હળિયાદ પ્રાથમિક શાળાના બાળકોએ વિધાનસભાની કાર્યવાહી નિહાળી

બગસરા, તા.૫

પીએમ શ્રી જૂની હળીયાદ પે સેન્ટર શાળાના બાળકો માટે એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ટ્રેન દ્વારા પ્રવાસ કરી અમદાવાદ તેમજ ગાંધીનગરમાં અટલબ્રીજ, સાબરમતી આશ્રમ, મહાત્મા મંદિર, ઈન્દ્રોડા નેશનલ પાર્ક, અક્ષરધામ, સાયન્સ સિટી વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં વિસ્તારના ધારાસભ્ય



જે.વી. કાકડીયાના પ્રયત્નોથી શાળાના કુલ ૪૫ બાળકો અને ત્રણ શિક્ષકોએ ગુજરાત વિધાનસભા ભવન ગાંધીનગરની મુલાકાત લીધી હતી. જેમાં શાળાના બાળકોને વિધાનસભામાં ચાલુ સત્રની કાર્યવાહી નિહાળવાનો મોકો મળ્યો હતો. જેમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, ગુજરાત વિધાનસભાના નાયબ ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા અને લાઠી વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ઉપસ્થિત રહી બાળકો અને શિક્ષકોનું વિધાનસભા ખાતે સ્વાગત કર્યું હતું. આચાર્ય ભાવેશભાઈ ડોબરીયા સાથે શાળાના શિક્ષક ધર્મિષ્ઠાબેન બોરડ અને પ્રતીકભાઈ અગ્રાવત જોડાયા હતા. વિધાનસભા દર્શનની સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ સમગ્ર શાળા પરિવાર વતી ધારાસભ્ય જે.વી. કાકડીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બગસરામાં અમરેલીના ભારતનગર પ્રાથમિક શાળાના શિક્ષક સામે કાર્યવાહી કરવા માટે આવેદન પત્ર આપ્યું

બગસરા તા.૫

બગસરા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાની ભારતનગર પ્રાથમિક શાળાના શિક્ષક મહેન્દ્ર પટેલ શાળામાં ભણતી છાત્રાઓને દારૂ પીવડાવીને યૌન શોષણ કરતા હતા. જેની જાણ એક વિદ્યાર્થિની દ્વારા તેઓના વાલીઓને કરવામાં આવી હતી. જેથી વાલીઓએ શિક્ષકને રંગે



તસવીર : હાર્દિક બામટા

હાથ શાળામાં પકડ્યો હતો. જેની એફ.આર.આઈ. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જે અનુસંધાને દારૂ પીને, પીવડાવીને આ કૃત્ય કરનાર શિક્ષક સામે તથા આ ઘટનામાં સામેલ લોકોને, આવી ગુનાહિત પ્રવૃત્તિ કરનાર તત્વોને જેલ ભેગા કરવા, ભવિષ્યમાં આવી ગુનાહિત દુર્ઘટના ન બને તેને લઈને સરકારને તથા લાગતા વળગતા અધિકારીઓને તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી કરવા બગસરા સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા મામલતદારને રોષ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# બગસરા ખાતે આજે શ્રીમદ રામચરિતમાનસ કથા પારાયણ પોથીયાત્રાનો કાર્યક્રમ યોજાશે

બગસરા, તા.૦૫

શ્રી સ્વામિનારાયણ મંદિર, બગસરા દ્વારા આયોજિત શ્રીમદ રામચરિતમાનસ કથા પારાયણ પોથીયાત્રાનો વિશેષ કાર્યક્રમ ૬ માર્ચ ૨૦૨૫, ગુરુવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે યોજાવાનો છે. આ યાત્રા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતોના આશીર્વાદથી રમેશભાઈ સુહાગીયાના નિવાસ સ્થાને ગોકુલપરા, બગસરાથી આરંભ થશે. આ પોથીયાત્રા સંપૂર્ણ




રામચરિતમાનસ કથા સાથે સાંપ્રદાયિક ભક્તિનો એક અનોખો સંગમ છે, આ પોથીયાત્રાની સાથે ભાવપૂર્વક શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન મળે છે. આ પ્રસંગ પર હાજર રહેવા સર્વે હરિભક્તો, મિત્રો અને વડીલોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલીમાં બગસરા સહકારી મંડળીનો સભાસદ ભેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૫

અમરેલી ખાતે શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીનો સભાસદ ભેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ જિલ્લા ભાજપા પ્રમુખ ડોક્ટર કાનાબાર, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ અને મંડળીના તજજ્ઞ ડીરેક્ટર શરદભાઈ લાખાણી, અમરેલી નગરપાલિકા ટાઉન પ્લાનિંગ કમિટી ચેરમેન ચિરાગભાઈ ચાવડા, અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, નગરપાલિકા સદસ્ય તુલસીભાઈ મકવાણા, અમરવેલી શરાફી મંડળી ચેરમેન



રેખાબેન માવદીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કાયમી સભાસદોને મહેમાનોના હસ્તે ભેટ વિતરણ કરવામાં આવેલ. આ તકે તાલુકા ભાજપા મહામંત્રી અને એડવાઈઝરી બોર્ડ મેમ્બર કાળુભાઈ વાળા, ઉપેનભાઈ નાગ્રેચા, દેવશીભાઈ રબારી, સુરેશભાઈ સોહેલીયા, પારૂલબેન ખોરાસીયા, હર્ષાબેન પંડ્યા, લીગલ એડવાઈઝર અશોકભાઈ વરીયા, ચંદ્રેશભાઈ મહેતા સહિતના સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેલ.

# રાજુલાના ભેરાઈ ગામે ગાળો બોલવાની ના પાડતા પ્રૌઢને માર માર્યો

અમરેલી, તા.૦૫

રાજુલા તાલુકાનાં ભેરાઈ ગામે પ્રૌઢને ગાળો બોલવાની ના પાડવા બદલ એક ઈસમે જેમફાવે તેમ ગાળો આપી લાકડી વડે માર મારવામાં આવતા પ્રૌઢે ઈસમ સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રાજુલા તાલુકાનાં ભેરાઈ ગામે રહેતા ભગવાનભાઈ કાનાભાઈ મકવાણાના ઘર પાસે પાંચ દિવસ પહેલા રાણીંગભાઈ વાઘ જોરજોરથી ગાળો બોલતા હોય જેથી ભગવાનભાઈએ ગાળો બોલવાની ના પાડતા રાણીંગભાઈને સારૂં નહીં લાગતા ભગવાનભાઈને જેમફાવે તેમ ગાળો આપી હાથમાં રહેલ લાકડી વડે માથાના ભાગે અને ડાબા પગના સાથળનાં ભાગે મૂંઢમાર મારી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદી ભગવાનભાઈએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌની યોજનાનું પાણી નસીયા નદીમાં છોડાતા ખેડૂતો ખુશખુશાલ

રાજુલા, તા.૦૫

રાજુલાના માંડરડી ગામના ખેડૂતો અને પશુપાલકોની સૌની યોજનામાંથી નસીયા નદીમાં પાણી છોડવાની માંગણીને સરકારે સ્વીકારી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને રાજુલા માર્કેટ યાર્ડના પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલે સરકારમાં આ અંગે રજૂઆત કરી હતી, જેના પરિણામે ખેડૂતોના હિતમાં સૌની યોજનાનો વાલ્વ ખોલીને નસીયા નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. ખેડૂતો અને પશુપાલકોની માંગણી હતી કે સૌની યોજનાનું પાણી નસીયા નદીમાં છોડવામાં આવે, જેથી તેઓને સિંચાઈ અને પશુઓ માટે પાણી મળી રહે. આ માંગણીને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને જીજ્ઞેશભાઈ પટેલે સરકારમાં રજૂઆત કરી હતી. સરકારે ખેડૂતોની માંગણીને સ્વીકારીને સૌની યોજનાનો વાલ્વ ખોલીને નસીયા નદીમાં પાણી છોડવાનો નિર્ણય કર્યો છે. ખેડૂતો અને પશુપાલકોએ સરકાર અને બંને આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો છે. ખેડૂતો અને પશુપાલકોએ એવી પણ માંગણી કરી છે કે ધાતરવડી નદીમાં ધારનાથ મંદિર પાસે પણ વાલ્વ ખોલીને પાણી છોડવામાં આવે, જેથી આ વિસ્તારના ખેડૂતો અને પશુપાલકોને પણ લાભ મળે.

# રાજુલાનાં જુની બારપટોળી ગામે જાહેરમાં પત્તા ટીંચતા ચાર શખ્સો ઝડપાયા

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં જુગારનું દુષણ બંધ થવાનું નામ લેતું નથી. જુગારીઓ સામે પોલીસની કડક કાર્યવાહી હોવા છતાં જુગારીયાઓને પોલીસનો જાણે કોઈ જ ડર ન હોય તેમ જાહેરમાં જુગાર રમી રહ્યા છે. રાજુલા તાલુકાનાં જુની બારપટોળી ગામે જાહેરમાં જુગાર રમાતો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે સ્થળ પર રેઈડ કરતા પોલીસે સ્થળ પરથી ૪ જુગારીઓને ઝડપી પાડયા હતા. રાજુલા તાલુકાનાં જુની બારપટોળી ગામે પાણીનાં ટાંકા પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની પોલીસને માહિતી મળી હતી. જેથી પોલીસે આ અંગે રેઈડ કરતા જાહેરમાં જુગાર રમી રહેલા દેવા નાનજી ચૌહાણ, વનરાજ હરસુર મરમલ, લાલા સુમરા વાવડીયા અને રમેશ રાણીંગ લાખણોત્રા નામના શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગાર સ્થળેથી રૂા.૬૧૧૦ની રોકડ, ચાર મોબાઈલ સહિત રૂા.૨૯૬૧૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દામનગર નગરપાલિકામાં આધાર કાર્ડ સેવા પુનઃ શરૂ, અરજદારોને રાહત

દામનગર, તા.૦૫

દામનગર નગરપાલિકા કચેરીમાં ઘણા સમયથી બંધ રહેલી આધાર કાર્ડની કામગીરી ફરી શરૂ થતાં અરજદારોમાં રાહતની લાગણી ફેલાઈ છે. આધાર કાર્ડની જરૂરિયાત ખૂબ જ હોવાથી અને કામગીરી બંધ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. નગરપાલિકા કચેરીમાં કાર્યરત આધાર કાર્ડની કામગીરી કોઈ




કારણોસર ઘણા સમયથી બંધ હતી. આ અંગે સ્થાનિક લોકોએ વારંવાર રજૂઆત કરી હતી અને સ્થાનિક અખબારોમાં પણ આ મુદ્દો પ્રકાશિત થયો હતો. લોકોની

**લાંબા સમય બાદ સેવા શરૂ થતાં લોકોમાં ખુશીનો માહોલ**

રજૂઆત અને અખબારોમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલોને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા આધાર કાર્ડની કામગીરી ફરી શરૂ કરવામાં આવી છે. કામગીરી શરૂ થતાં અરજદારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા. ૦૬-૦૩-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૪૧, સૂર્યાસ્ત-૦૬:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૩-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તેમાં ખૂબ સારું પરિણામ આવશે.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# તોરીમાં યુવતીને ભગાડી જતાં ૭ શખ્સોનો પ્રૌઢ પર જીવલેણ હુમલો

**પ્રૌઢનું અપહરણ કરી પીઠડીયા ગામ નજીક લોખંડનાં પાઈપ ઝીંક્યા**

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં ભૂતકાળમાં પ્રેમપ્રકરણનાં કારણે બે પરિવારો વચ્ચે મારામારીનાં બનાવો બનવા પામ્યા છે. યુવક અને યુવતીની આંખો મળી ગયા બાદ પોતાના પરિવારજનોનો પણ વિચાર કરતા નથી અને ત્યારબાદ ઘણીવાર પ્રેમપ્રકરણમાં મારામારી પણ થવા પામે છે. આવો જ એક બનાવ તોરીમાં બનવા પામેલ છે. જેમાં ગામમાં રહેતા પ્રૌઢનો દીકરો જંગર ગામની યુવતીને ભગાડી જતાં યુવતીનાં પરિવારજનોએ પ્રૌઢનું અપહરણ કરી માર મારવામાં આવતા વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. વડીયા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ દોઢ માસ પહેલા ફરિયાદી સામતભાઈ રાણાભાઈ મુંધવા રહે.તોરીનો પુત્ર રાહુલ જંગર ગામની યુવતીને ભગાડીને લઈ જતા યુવતીનાં પરિવારજનો ભુપત જીણા મેવાડા, ઘુઘા રાજા મેવાડા, ઓઘડ જીણા મેવાડા, આણંદ જીણા મેવાડા, સુરા રાજા મેવાડા, ગોવિંદ મેવાડા સહિતનાઓએ ગેરકાયદેસર મંડળી કરી સામત રાણા મુંધવાનું કારમાં અપહરણ કરી પીઠડીયાનાં ખારામાં મામાદેવનાં મંદિર નજીક લઈ જઈ સામત રાણાને તમામ આરોપીઓએ લોખંડનાં પાઈપ ઝીંકી, લાકડી વડે માર મારી શરીરે ફ્રેક્ચર કરી લોહીલુહાણ હાલતમાં રામપુર ગામ નજીક ગંભીર હાલતમાં ફેંકી દેતા સામત રાણા મુંધવાએ સાત શખ્સો સામે વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં ૭ માર્ચના રોજ "જન ઔષધિ દિવસ"ની ઉજવણી કરાશે

અમરેલી, તા.૦૫

વડાપ્રધાનની પહેલ પર જેનરીક દવાઓના વિતરણ અને દવાઓની ઉપલબ્ધતા વિશે જન સમુદાયમાં જાગૃતિ વધારવા અને જેનરીક દવાઓને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે તારીખ ૭ માર્ચના રોજ " જન ઔષધિ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લામાં પણ આગામી ૭ માર્ચ-૨૦૨૫ના રોજ " જન ઔષધિ દિવસ"ની ઉજવણી કરવામાં આવશે અને આ ઉજવણીમાં સ્થાનિક અધિકારીઓ તથા જન-પ્રતિનિધિઓ પણ હાજરી આપશે. લોકોને આ જન ઔષધિ કેન્દ્રોનો વધુ લાભ લેવા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવ્યું હતું. પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના અંતર્ગત જન ઔષધિ કેન્દ્રો ઉપર ગુણવત્તાયુક્ત જેનરીક દવાઓ લોકોને પોસાય તેવા ભાવે પુરી પાડીને સામાન્ય લોકોના જીવન પર નોંધપાત્ર અસર કરી શકે છે.


**મામલતદાર, જુનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જુનાગઢ**

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં.૬૬/૨૦૨૫

-// જાહેર નોટીસ //-

શ્રી બાઘાભાઈ મોહનભાઈ સોરઠીયા
રહે, ભુતડી તા.વિસાવદર જી.જુનાગઢ ........અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
ગ્રામ પંચાયત કચેરી- મેવાસા કમરી,
સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી- રહે.મેવાસા કમરી..સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી(સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદાર બાઘાભાઈ મોહનભાઈ સોરઠીયા રહે,ભુતડી તા.વિસાવદર જી.જુનાગઢ વાળાએ તેમના પુત્ર મિલન બાઘાભાઈ સોરઠીયાની જન્મ અંગેની નોંધ તા.૦૪/૦૫/૧૯૮૯ ગ્રામ પંચાયત કચેરી,મેવાસા કમરી તા.જુનાગઢ ગ્રામ્ય જી.જુનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, મેવાસા કમરી તા.જુનાગઢ ગ્રામ્ય કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈ પણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં મામલતદાર કચેરી,જુનાગઢ (ગ્રામ્ય)ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કશુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ: ૨૮, માહે-ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સ્થળ:- જુનાગઢ
તારીખ:-૨૮/૦૨/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય



**-:: જાહેર નોટીસ ::-**

ફો.પ.અ.નં.૨૩/૨૦૨૫

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી કોટડીયા રહે લાઠી

અરજદાર ::- પાનશેરીયા ખોડાભાઈ કેશવભાઈ ઉ.વ.૮૦ ધંધો નીવૃતી કામ ધર્મે હિન્દુ પટેલ. રહે. માલવીયા પીપરીયા, તા. લાઠી જી. અમરેલી

**-::વિરૂધ્ધ ::-**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધીકારી માલવીયા પીપરીયા ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર ના પોતે માલવીયા પીપરીયા ગામના રહેવાસી છે. અરજદાર ના પુત્ર **પાનશેરીયા રાજેશભાઇ ખોડાભાઇ** ની જન્મનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર ના પુત્ર **પાનશેરીયા રાજેશભાઇ ખોડાભાઇ** નો જન્મ જે તે સમયે માલવીયા પીપરીયા મુકામે જન્મ તારીખ-૦૧/૦૬/૧૯૭૫ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામા કસુરથયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ ::- લાઠી
તારીખ ::- ૨૧/૨/૨૦૨૫
શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા
મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૫/૨૫ તા.૨૧/૦૨/૨૦૨૫

વિવાદી :- શ્રી સુહાગિયા વિજય વિનોદભાઈ રહે.અમદાવાદ-જી/૩૦૨, દિવ્યજીવન રેસિડેન્સી, નિકોલ નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦ મો.૯૫૧૦૦૯૯૨૪૮
C/O રાજુભાઈ.બી.ખુમાણ રહે.ગણેશ કોમ્પ્લેક્ષ મામલતદાર કચેરી ની સમે ઓફિસ નં.૧૧૩ મહુવા રોડ સાવરકુંડલા મો.૯૫૩૭૦૪૫૨૯૯

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શેખપીપરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી સુહાગિયા વિજય વિનોદભાઈ નો જન્મ તા.૧૩/૦૫/૧૯૭૯ ના રોજ, શેખપીપરીયા તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૩/૦૨/૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ સવાર/બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**તંત્રી લેખ**

# વિકાસના પગથિયા : પ્રોડક્શન અને ક્વોલિટી કંટ્રોલ

અમેરિકાના એગ્રેસીવ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોરનો પ્રારંભ કરી દીધો છે. જેની સામે યુરોપ તથા એશિયન દેશો સંગઠિત થઈ રહ્યા છે. આ ટેરિફ વોરનો મોટો લાભ ભારતને મળી શકે તેમ છે. વિકાસના સપના સાકાર કરવા માટે ભારતે ચાઈનાની જેમ ઉત્પાદકતાને પ્રાધાન્ય આપવું જરૂરી બનશે આ માટે પ્રોડકશન વધારવું જરૂરી છે. પ્રોડક્શનની સાથેસાથે ક્યુસી એટલે કે કવોલિટી કંટ્રોલ પર એટલું જ ધ્યાન આપવાની જરૂર છે. જો પ્રોડકશન વધુ હશે તો ભારત વધુમાં વધુ ચીજ-વસ્તુઓની નિકાસ અન્ય દેશોમાં કરી શકશે અને તેનો મેક્સિમમ બેનિફિટ લઈ શકશે. મેક ઈન ઈન્ડિયા તથા લોકલ ફોર વોકલના અભિગમથી આ વસ્તુ ચોક્કસ સિદ્ધ થઈ શકે પરંતુ આ કામમાં વધુ ગતિશીલતા આવે તે જરૂરી છે. સૌથી પહેલા તો પ્રોડકશનને લઈએ. કોઈપણ મોટા ઉદ્યોગમાં પ્રોડકશન ત્યારે જ વધુ થઈ શકે જો તેનું મટીરીયલ મેનેજમેન્ટ અને તેનું પ્લાનિંગ પરફેક્ટ હોય તો આ વસ્તુ શક્ય બને. માની લો કે લોખંડની રોલિંગ મિલમાં પતરા પણ બને છે, બ્રાઈટબાર પણ બને છે, ચેનલ પણ બને છે અને આઈ સેક્શન અને ઈ સેક્શનના પાટા પણ બને છે અહીં મહત્વની વસ્તુ એ છે કે પ્રોડક્શન માટે વધુ મેનપાવર મૂકવામાં આવ્યો. પરંતુ જો રો મટીરીયલનું મેનેજમેન્ટ બરાબર ન હોય તો સમયસર ઉપરોક્ત વસ્તુ બનાવવા માટે રોલિંગ મિલમાં મટીરીયલ પૂરું પાડી શકાતું નથી આથી ટાઈમસર જે ઉત્પાદન થવું જોઈએ તેની ટકાવારી ઘટે છે. માની લ્યો કે એક રોલિંગ મિલનો પ્લાન્ટ ૧૦૦% ની ક્ષમતાથી ચાલવો જોઈએ મતલબ કે એને ૧૦૦% પૂરેપૂરું મટીરીયલ રોલિંગ સેક્શનમાં મોકલવામાં આવે તો તેનું પાક્કા માલમાં રૂપાંતર થઈ શકે પરંતુ સપ્લાય ચેન જો અટકે તો આ ઉત્પાદનમાં વિક્ષેપ આવે, કામદારોના કલાકો વેડફાય અને પ્રોડકશનનો ઘટાડો થાય. જે કામદાર ૯૦ થી ૯૫ ટકાની એફિશિયન્સીથી કામ કરતો હોય તેને જો મટીરીયલ પૂરું પાડવામાં ન આવે તો તે પ્રોડકશનના અવરમાં રહેશે, તેનું મશીન બંધ રહેશે આની અસર પ્રોડક્શન પર થશે કારણ કે તૈયાર માલ જે ક્યુસી ડિપાર્ટમેન્ટ એટલે ક્વોલિટી કંટ્રોલ ડિપાર્ટમેન્ટ. અહીં કોઈપણ કમ્પોનન્ટનું ઈન્સ્પેક્શન હાઈ પ્રિસિશન મશીનથી થાય છે, અહીં એક મિલીમીટરના ૧૦૦૦માં ભાગની એક્યુરેસી ચકાસવામાં આવે છે. સ્પેસ એન્જિનના પાટ્ર્સમાં જરા પણ સબ સ્ટાન્ડર્ડ સ્વીકારી શકાતું નથી. કારણકે માત્ર એક જ નટ કે બોલ્ટની ખામીને કારણે અબજો રૂપિયાનો સ્પેસ પ્રોજેક્ટ ફેલ થઈ શકે છે.મટીરીયલ પ્લાનિંગની નજીવી ભૂલને કારણે પ્રોડક્શન વિભાગમાં મટીરીયલ ન પહોંચે તો સમયસર કંપોનન્ટનું ઉત્પાદન થઈ શકે નહીં. જો કમ્પોનન્ટ ન બન્યા હોય તો તેનું કવોલિટી કંટ્રોલ થઈ શકે નહીં આમ થશે તો તે સ્ટાફ પણ કામ વગર બેસી રહેશે. જે વર્કર ૮ કલાકની અંદર ૧૨૦ પીસ બનાવી શકતો હોય તે માત્ર ૬૦ પીસ બનાવે તો તેની એફિશિયન્સી ૫૦% સુધી ઘટી જશે આવું દરેક બાબતમાં થશે. ત્રીજી બાજુ તૈયાર માલ સમયસર પ્રાપ્ત થશે તો તે વુડન બોક્સમાં પેક કરીને એક્સપોર્ટ કરી શકાશે નહીં માટે કોઈપણ રોલિંગ મિલ હોય કે પછી ફાઉન્ડરી હોય તેમાં પ્રોડક્શન પર પૂરતું ધ્યાન આપવામાં આવે તો તે યુનિટ ૯૦ થી ૯૫ ટકાની એફિશિયન્સીથી કામ કરશે અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપશે. આ દાખલો રોલિંગ મિલનો કે ફાઉન્ડરીનો છે પણ તે દરેક મોટા યુનિટને, દરેક ફેક્ટરીને, દરેક યુનિટને લાગુ પડે છે માટે પ્રોડકશન કવોલિટી કન્ટ્રોલ અને ડિસ્પેચ વિભાગો સહિતના વ્યવસ્થિત કામ કરે તે જરૂરી છે. મોટી કંપનીમાં મશીન બનતા હોય તો તેમાં એસેમ્બલી વિભાગ હોય છે. એસેમ્બલી વિભાગ પણ સમયસર તો જ કામ કરી શકે જો તેને એસેમ્બલ કરવાના કમ્પોનન્ટ સમયસર મળતા રહે માની લો કે એક ગિયર બોક્સની અંદર ૨૪ ગિયર ફીટ થાય છે એની અંદર માત્ર એક સાફ્ટ સિલિન્ડર ગ્રાઈન્ડીંગ થઈને નથી આવી તો એ સાફ્ટને કારણે ગીયર બોક્સનું આખું એસેમ્બલી યુનિટ સ્થગિત થઈને ઊભું રહી જશે અને પ્રોડકશનની એફિશિયન્સી એકદમ ઘટી જશે.

# રક્તરંજિત પશ્ચિમ બંગાળને હવે માત્ર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જ બચાવી શકે તેમ છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોરથી માંડી સુભાષચંદ્ર બોઝની સાંસ્કૃતિક ભૂમિ કેટલાક દસકાથી રક્તરંજિત બની ચૂકી છે. સંસ્કાર ભારતીનું નામ લેનાર પર ટિએમસીના ગુંડા તૂટી પડે છે. લાલ ટોપી વાળી સરકારે ૭૦૦૦ કરતા વધુ હિન્દુઓની સરેઆમ હત્યા કરી. આજે આમાં અનેક ગણો વધારો થયો છે. તેની ખોવાયેલી ઓળખને માત્ર ભાજપ અને સંઘ પરિવાર જ પાછી આપી શકે.! સંસ્કૃત ભારતી, સંસ્કાર ભારતી, ભારત ભારતી તથા વિશ્વભારતી જેવા સંગઠનો નામશેષ કરી નાખવા માટે પશ્ચિમ બંગાળની સરકાર એડી-ચોટીનું જોર લગાવી રહી છે. શાંતિવનમાં બિલકુલ શાંતિ નથી. ૧૯૫૭થી ૧૯૭૭ સુધી કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં વિરોધીઓનો અવાજ ડામવા હિંસાનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો. કોંગ્રેસ દ્વારા આચરાયેલી આ જ હિંસા ૧૯૭૭ની વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસના પતન અને માકપાની આગેવાનીવાળી વામમોરચાના ઉત્થાનનું કારણ બની, પરંતુ ૧૯૭૭માં ભારે બહુમતીથી સત્તામાં આવ્યા બાદ વામપંથીઓએ પણ પોતાના વિરોધીઓનાં સફાયા માટે એ જ હિંસાનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો અને પોતાનું વર્ચસ્વ કાયમ રાખવા માટે હિંસાનો સંગઠિત રીતે ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું. ૧૯૭૭થી ૨૦૧૧ સુધી વામમોર્ચાના ૩૪ વર્ષોના શાસનમાં બંગાળ લોહીલુહાણ થતું રહ્યું. ૧૯૭૯માં તત્કાલીન જ્યોતિ બસુના નેતૃત્વવાળી સરકારે ૭૦૦૦ બાંગ્લાદેશી હિન્દુ શરણાર્થીઓનો નરસંહાર કર્યો હતો. જે ઇતિહાસમાં મારીચઝાપી નરસંહાર તરીકે ઓળખાય છે. ત્યારબાદ ૧૯૮૨માં કલકત્તાના બિઝન સેતુ પાસે ૧૭ જેટલા આનંદમાર્ગી સાધુઓને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. તેનો આરોપ પણ માકપાઈઓ પર લાગ્યો હતો. ૨૦૦૦માં બીરભૂમના નાનૂરમાં ૧૧ કોંગ્રેસ સમર્થકોની હત્યા કરી દેવામાં આવી હતી. ૨૦૦૬-૦૭માં નંદીગ્રામ સિંગુરમાં પણ ગામડાંના ગામડાં સળગાવી મૂકવામાં આવ્યાં હતાં. જે વામપંથી સરકારના અંતનું કારણ બન્યું હતું. ૨૦૦૯માં શરગામના લાલગઢમાં માકપા માઓવાદી સમર્થિત સંગઠન અને પોલીસ વચ્ચેના સંઘર્ષમાં એક મહિનાની અંદર ૭૦થી વધારે લોકોની હત્યા થઈ હતી. ૨૦૧૧માં મમતા સરકારના ગઠન બાદ ૨૦૧૩ અને ૨૦૧૮ની પંચાયત ચૂંટણીઓ અને ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણીઓથી લઈ તાજેતરની ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓમાં પણ રાજનૈતિક હિંસાચારે બંગાળને રક્તરંજિત બનાવ્યું છે. પશ્ચિમ બંગાળમાં ભયાનક હિંસાની આગ આજે પણ સળગી રહી છે. આજે ત્યાં રવિન્દ્ર સંગીત ગુંજતું નથી પરંતુ નિર્દોષ હિન્દુ સ્ત્રીઓ અને બાળકો પર અત્યાચારોની ચિચિયારીઓ સંભળાઈ રહી છે. લોહીલુહાણ મૃતદેહો રસ્તા પર પડેલા નજરે ચડે છે. અલ્લાહ હો અકબરના નારા ગુંજે છે. હિન્દુઓના સળગતા મકાનો જોવા મળે છે. આની સામે ટીએમસીની સરકાર મૌન ધારણ કરીને બેઠી છે. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જી તેઓ પણ ખુદ રાજનૈતિક હિંસાનો શિકાર બની ચૂક્યાં છે. જ્યારે તેઓ કોંગ્રેસમાં હતા ત્યારે ૧૯૯૦માં કોંગ્રેસે સરકારી બસોમાં વધારેલા ભાડા વિરુદ્ધ આંદોલન છેડ્યું હતું. મમતા જ્યારે પક્ષના કાર્યકર્તાઓ સાથે કલકત્તાના હઝારા વિસ્તારમાં પહોંચ્યાં ત્યારે સીપીએમના કાર્યકર્તાઓએ તેમને ઘેરી લીધાં અને સીપીએમ નેતા લાલુ આલમને માથા પર લોખંડના સળિયાનો પ્રહાર કર્યો હતો.



મમતા ત્યાં જ ફસડાઈ પડ્યાં હતાં. ત્યારબાદ દિવસો સુધી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી હતી. આમ છતાં મોહમાં અંધ બનેલી આ મહત્વકાંક્ષી મહિલા સમજતી નથી કે તેના કુશાસનથી પશ્ચિમ બંગાળનું નામ ભારતભરમાં નહીં પરંતુ જગતભરમાં ખૂબ જ બદનામ થઈ ગયું છે. એક સમયની સાંસ્કૃતિક ભૂમિને તેણે રક્તરંજિત બનાવી દીધી કોઈ દિવસ એવો નથી ઉગતો કે જ્યાં ખૂન-ખરાબા ન થયા હોય, આંદોલનો થયા ન હોય. જે બંગાળની ભૂમિ પર શાંતિનિકેતનની પરમ શાંતિ હતી ત્યાં ભયાનક હિંસાનો નાચ ચાલી રહ્યો છે. લોહીની નદીઓ વહી છે. મજબૂર નારીનું સન્માન થવાને બદલે જાહેરમાં તેની ઈજ્જત તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓ લૂંટી રહ્યા છે. મમતા બેનરજીના ખાખીવર્દી ધારીઓ તમાશો જોઈ રહ્યા છે. ટીવી ચેનલો વાળાની હિંમત નથી કે તેનું વીડિયો શુટીંગ કરી શકે! આ બધું એ ભૂમિ પર થઈ રહ્યું છે જે ભૂમિ પરથી રાષ્ટ્રગીતનું સર્જન થયું છે. આનાથી વધુ મોટી નામોશી આપણા દેશ માટે બીજી કઈ હોઈ શકે? રાઈટર્સ બિલ્ડિંગ કાંડ બાદ જનતામાં અને કાર્યકર્તાઓમાં મમતા બેનર્જીને લઈ ખૂબ સહાનુભૂતિ પેદા થઈ. ચાલાક મમતાએ સહાનુભૂતિનો ફાયદો ઉઠાવી કોંગ્રેસથી અલગ ચોકો બનાવી તૃણમૂલ કોંગ્રેસ નામનો પક્ષ બનાવ્યો, તે સમય ૧૯૯૮. પરંતુ તેમ છતાં પશ્ચિમ બંગાળમાં લેફ્ટ સરકારનું જોર અકબંધ રહ્યું અને હિંસાચાર પણ. મમતા દીદીને સતત ૧૩ વર્ષ સુધી સત્તામાંથી દૂર રહેવું પડ્યું અને આ સમયગાળા દરમિયાન મમતાએ લેફ્ટની હરેક નીતિનો વિરોધ કરી ભારે પ્રદર્શનો કર્યા. તેવામાં જ ૨૦૦૭માં લેફ્ટ સરકાર દ્વારા એક આત્મઘાતી નિર્ણય લેવામાં આવ્યો અને મમતા માટે પશ્ચિમ બંગાળના રાજભવનનો માર્ગ મોકળો બન્યો. ૨૦૦૭માં નંદીગ્રામમાં ભૂમિ અધિગ્રહણ દરમિયાન થયેલી હિંસક ઘટનાઓને કારણે રાજ્યનો ખેડૂત વર્ગ અને નંદીગ્રામનાં લોકોને પણ લેફ્ટ સરકારની વિરુદ્ધ ભારે આક્રોશ હતો, જેને મમતાએ ઝડપી લીધો અને નારો આપ્યો, 'આમાર નામ તોમાર નામ, સબાર નામ નંદીગ્રામ'. આ નારાએ ૨૦૧૧માં તેમને ભારે બહુમતીથી પશ્ચિમ બંગાળની સત્તા અપાવી. અને નારો આપ્યો 'પોરિબોર્તોન' (બદલાવ)નો. પરંતુ અફસોસ જે અપરાધિક છબીવાળા લોકો કોંગ્રેસ છોડી લેફ્ટમાં આવ્યા હતા તે જ લોકો તૃણમૂલ કોંગ્રેસ મજબૂત થતાં તેમના પક્ષમાં આવ્યા અને હિંસા અને અપરાધની આ પરંપરા એમ જ ચાલતી રહી. અને રાજનૈતિક હિંસાની સંસ્કૃતિમાં કોઈ જ પરિવર્તન ન આવ્યું. પ્રાધ્યાપક વિશ્વનાથ ચક્રવર્તી મુજબ બંગાળમાં અપરાધ અને હિંસા માટે રાજનીતિ સાથે સાથે આર્થિક બાજુ પણ છે. કારણ કે, કોંગ્રેસ હોય કે લેફ્ટ કે પછી હાલની તૃણમૂલ કોંગ્રેસની (કુ)નીતિઓને કારણે પશ્ચિમ બંગાળમાં ઉદ્યોગ ધંધા સંપૂર્ણ રીતે ખતમ થઈ ગયા છે. પલાયન અને ઘૂસણખોરી મોટી સમસ્યા છે. ઘૂસણખોરો (વિશેષ કરીને બાંગ્લાદેશી મુસ્લિમો) સ્થાનિક મુસ્લિમો સાથે મળીને સ્થાનિક સ્તરે સંસાધનો પર કબ્જો જમાવવાની ફિરાકમાં છે અને મતબેંકની લાલચે આ ઉપક્રમમાં તૃણમૂલ કોંગ્રેસ અને લેફ્ટ જેવા પક્ષો તેને પ્રોત્સાહન આપે છે. બંગાળમાં સિંડિકેટ અને પંચાયતી રાજ એક સાથે ચાલે છે માટે રાજનૈતિક પક્ષો પંચાયત સ્તરે સત્તા મેળવવા, ટકાવી રાખવા મરણિયા બને છે. કારણ કે, જો તેઓ પંચાયત નહિ જીતે તો તેની સીધી અસર વિધાનસભા અને લોકસભા પર પડશે, કારણ કે, પંચાયત જીતનાર પક્ષનું પોલિંગ પર નિયંત્રણ રહેતું હોય છે. માટે જ વિપક્ષો પણ પંચાયત જીતવા માટે જાન-પ્રાણની બાજી લગાવી દેતા હોય છે. બંગાળમાં સત્તા પરિવર્તન થયું પરંતુ હિંસાનું રૂપાંતર શાંતિમાં થયું નહીં અને ખુનરેજીમાં વધારો થયો છે. મમતા બેનર્જીના સત્તામાં આવ્યા બાદ તો હિંસા, ભ્રષ્ટાચાર અને દમનની નીતિએ હદ વટાવી દીધી છે. રાજ્યમાં ભ્રષ્ટાચાર, તસ્કરી અને રાજનૈતિક હિંસાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. યુપીએ સરકાર સામે જે બાંગ્લાદેશી ઘૂસણખોરો મુદ્દે સંસદમાં સ્પીકર સામે કાગળિયા ઉછળ્યા હતા. તે જ મમતા રાજમાં બાંગ્લાદેશી ઘૂસણખોરીએ માઝા મૂકી છે અને અનેક વિસ્તારોમાં ડેમોગ્રાફી જ બદલાઈ ગઈ છે. એક સમયે રાજનીતિ માટે બદનામ પશ્ચિમ બંગાળ મમતા દીદીને કારણે હવે સાંપ્રદાયિક હિંસાનો ગઢ બની ગયું છે જેના પર મમતા દીદી અને તેનો પક્ષ ભેદી રીતે મૌન સેવી રહ્યો છે. પોલીસ ગુના પણ નોંધતી નથી. સંદેશ ખાલીમાં જનજાતિની અનેક મહિલાઓ પર અત્યાચાર જેવી કેટલીય ઘટનાઓ બહાર આવી. અહીં કાયદો વ્યવસ્થા જેવું કશું જ નથી. ૨૧ જુલાઈ, ૧૯૯૩માં મમતા બેનર્જીના નેતૃત્વમાં યૂથ કોંગ્રેસ દ્વારા સીપીએમ વિરુદ્ધ વધુ એક આંદોલન ચાલ્યું હતું. કોંગ્રેસ રાજ્યમાં મતદાન માટે ફોટાવાળા ઓળખપત્રની માગણી કરી રહી હતી. કોલકત્તાની પ્રસિદ્ધ રાઈટર્સ બિલ્ડિંગ સામે સેંકડોની સંખ્યામાં કોંગ્રેસી કાર્યકર્તાઓ પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે તેમના પર ગોળીબાર થયો જેમાં ૧૩ કોંગ્રેસી કાર્યકર્તાઓ માર્યા ગયા હતા.

## શબ્દ સંજોગ-૧૯૬૧



**આડી ચાવી :**
(૧) એક રાશિ (૨)
(૩) એક વાર (૨)
(૫) આજે આવક કરતાં... વધવા પામી છે. (૩)
(૭) અમિતાભ બચ્ચનની એક ફિલ્મ (૨)
(૮) પહોર-પહોરના અંતરે ઘડિયાળમાં વાગવા તે (૩)
(૧૦) એક કઠોળ (૨)
(૧૨) અવાજ ન હોય તેમ (૨)
(૧૩) એક પેટા ઋતુ (૩)
(૧૬) કમળ (૩)
(૧૮) એક મુસ્લિમ પર્વ (૪)
(૨૦) ઉનાળામાં સખત... મારે. (૨)
(૨૧)...પધાર્યા (૨)
(૨૪) તાત્પર્ય, મતલબ (૨)
(૨૫) એક ડઝન (૨)
(૨૬)... હોય તો માળવે જવાય (૨)
(૨૭) ગધેડાના પગ બાંધવાનું દોરડું (૩)
(૨૯) પહેલવાન, કુસ્તીબાજ (૨)
(૩૦) ...તેરી કસમ : રીના રોયની એક ફિલ્મ (૩)
(૩૧) મહારાષ્ટ્રમાં મોટા ભાઈ માટે વપરાતો શબ્દ (૨)

**ઉભી ચાવી :**
(૨) નોળિયો (૩)
(૪) એક કઠોળ (૨)
(૫) એક ધાન્ય (૨)
(૬) હથેળી (૪)
(૯) પૈસો, નાણું (૨)
(૧૦) એક અવતાર (૩)
(૧૧)... માં પણ પોતાની એક શક્તિ હોય છે. (અવળું) (૨)
(૧૩) મરઘી(અંગ્રેજી) (૨)
(૧૪) બાજુ, ભણી (૩)
(૧૫) ધર્મ કે સંપ્રદાયનું પ્રતિક (૨)
(૧૭) ભગવાન કૃષ્ણ એ...પુરુષોત્તમ હતા. (૨)
(૧૯) ગગન, આકાશ (૨)
(૨૦) અક્કલના...(૪)
(૨૨) દવાની બોટલ પરનું... વાંચીને જ દવા ખરીદવી જોઈએ (૩)
(૨૩) એક ફૂલ (૩)
(૨૫) તીર, શર (૨)
(૨૮) બાળભાષામાં ખાવાનું (૨)
(૨૯) ઘણાં દિવસનું ભૂખ્યું (૨)

## શબ્દ સંજોગ-૧૯૬૦ જવાબ

**આડી ચાવી** : (૧) સંગમ (૩) કપિલ (૬) દર્શન (૭) ડમરો (૮) તયન(તનય) (૧૦) કનાત (૧૧) વગો (૧૩) મનપા (૧૪) દ્વારામતી (૧૭) લટ (૧૮) જગ (૨૦) મહા (૨૨) બાંગ (૨૩) ભીમ (૨૪) જબાન (૨૬) રીલ (૨૮) વેંત (૨૯) રશ્મિ (૩૦) ક્ષપણ.

**ઉભી ચાવી** : (૧) સંગીત (૨) મદનગોપાલ (૩) કનકમુદ્રા (૪) લડત (૫) બારોટ (૯) યવન (૧૨) સતી (૧૩) મભમ (૧૫) રાજગરી (૧૬) મગ (૧૯) આમરણ (૨૧) હાજત (૨૫) નર (૨૭) લક્ષ.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૧૦૦૦ |
| બાજરી | ૩૮૫ | ૩૮૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૫૪ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૯૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૯૬ |
| મગ | ૧૧૦૦ | ૧૭૬૧ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૧૯૫ |
| ચોળી | ૧૧૭૫ | ૨૧૫૦ |
| વટાણા | ૧૨૩૦ | ૧૮૫૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૭૦ |
| તલી | ૧૬૭૦ | ૨૧૩૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૩૩ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૯૪૫ | ૫૩૪૪ |
| લસણ | ૭૫૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૮૫૦ |
| મરચા સુકા | ૮૫૦ | ૨૧૦૦ |
| ધાણી | ૧૨૨૦ | ૨૩૧૧ |
| વરીયાળી | ૧૨૨૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૬૨૫ | ૪૦૫૦ |
| રાય | ૧૦૧૦ | ૧૨૯૫ |
| મેથી | ૯૫૦ | ૧૪૬૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૧૨૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૪૮૦ |
| ટમેટા | ૪૦ | ૧૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૫૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૨૦ |
| વટાણા | ૪૦૦ | ૫૫૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૫૦ | ૭૩૦ |
| બીટ | ૧૫૦ | ૨૫૦ |
| મેથી | ૧૫૦ | ૩૦૦ |
| વાલ | ૮૫૦ | ૧૦૩૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૭૦૦ | ૮૫૦ |
| મરચા લીલા | ૧૫૦ | ૩૬૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૧૦ | ૨૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૪૦ | ૧૦૧૯ |
| ગીરનારી શીંગ | ૧૦૧૫ | ૧૦૭૬ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૧૨૪ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૨૪૫ |
| તલ સફેદ | ૧૮૮૦ | ૨૧૪૫ |
| તલ કાળા | ૪૬૬૫ | ૪૬૬૫ |
| તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૨૫૪૫ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| જુવાર | ૪૬૦ | ૧૨૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૦૨ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૩૧ |
| અડદ | ૧૦૩૦ | ૧૪૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૫ |
| ચણા દેશી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૫૫ |
| કપાસ | ૮૨૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૪૫ | ૧૨૧૮ |
| જીરૂ | ૨૭૫૦ | ૩૯૫૦ |
| રાયડો | ૯૪૫ | ૧૦૨૧ |
| ધાણા | ૯૪૦ | ૧૮૭૦ |
| ધાણી | ૯૫૦ | ૨૬૬૦ |
| અજમા | ૧૩૨૫ | ૧૬૫૦ |
| સોયાબીન | ૬૭૫ | ૭૩૨ |
| મરચા લાંબા | ૩૫૦ | ૨૮૦૦ |
| કાંગ | ૬૬૦ | ૭૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૩૦ | ૩૦૦ |
| રીંગણાં | ૪૩૦ | ૫૩૦ |
| ફુલાવર | ૧૨૦ | ૧૬૦ |
| કોબીજ | ૬૦ | ૮૦ |
| શકકરીયા | ૩૧૦ | ૪૧૦ |
| ટામેટા | ૮૦ | ૧૨૦ |
| સુરણ | ૯૨૦ | ૧૧૨૦ |
| ગાજર | ૨૬૦ | ૩૨૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૧૦ | ૪૧૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૫૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૫૨૦ | ૬૨૦ |
| ચોળાલીલા | ૬૨૦ | ૯૨૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| શકકરટેટી | ૩૧૦ | ૪૧૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૯૦૦ |
| વાલ | ૪૦૦ | ૬૧૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૧૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૫૨૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૧૦ |
| સરગવો | ૩૧૦ | ૪૧૦ |
| લીમડો મીઠો | ૨૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૨૨૦ | ૩૨૦ |
| મરચા લાલા | ૬૧૦ | ૭૧૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૬૦ | ૫૧૦ |
| લસણ લીલુ | ૫૧૦ | ૬૧૦ |
| લસણ સુકુ નવુ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૧૪૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૫૧ | ૧૪૨૧ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૫૬ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૭૧ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૩૬ |
| સિંગ ફાડીયા | ૯૯૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૩૧ | ૧૨૫૬ |
| જીરૂ | ૨૬૦૧ | ૪૦૮૧ |
| વરીયાળી | ૧૬૪૧ | ૧૬૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૯૧ |
| લસણ સુકું | ૫૪૧ | ૧૭૪૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૪૮૧ |
| અડદ | ૮૯૧ | ૧૫૭૧ |
| તુવેર | ૯૦૧ | ૧૪૪૧ |
| રાયડો | ૭૧૧ | ૧૦૧૧ |
| રાય | ૧૦૦૧ | ૧૨૦૧ |
| મેથી | ૩૦૦ | ૧૨૧૧ |
| કાંગ | ૬૬૧ | ૭૫૧ |
| સુરજમુખી | ૫૫૧ | ૫૫૧ |
| મરચા | ૩૫૧ | ૨૬૫૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૧૪૧ |
| નવા ધાણા | ૮૦૧ | ૨૩૫૧ |
| નવી ધાણી | ૯૦૧ | ૨૭૦૧ |
| નવું લસણ | ૪૯૧ | ૧૫૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૭૬ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૨૦૧ |
| ધાણી | ૧૩૧૧ | ૧૩૬૧ |
| ડુંગળી સફેદ | ૧૯૮ | ૨૪૪ |
| બાજરો | ૩૬૧ | ૩૬૧ |
| જુવાર | ૭૩૧ | ૭૩૧ |
| મગ | ૩૦૦ | ૧૬૯૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૬૬ |
| વાલ | ૩૩૧ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૨૧૪૧ |
| સોયાબીન | ૫૬૧ | ૭૬૧ |
| ગોગળી | ૬૪૧ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૮ | ૧૪૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૨ | ૧૩૭૮ |
| મગફળી જીરૂ૦ | ૧૦૪૨ | ૧૦૫૮ |
| મગફળી બીટી | ૯૦૮ | ૧૦૦૨ |
| ચણા | ૧૦૪૫ | ૧૦૬૫ |
| જીરુ | ૩૬૩૦ | ૪૦૭૦ |
| ઘઉં | ૫૧૬ | ૫૭૪ |
| તુવેર | ૧૨૩૦ | ૧૪૮૦ |
| ધાણા | ૧૨૨૦ | ૧૮૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૯ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૬૧૯ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૭ |
| સોયાબીન | ૫૫૮ | ૭૨૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| તુવેર | ૭૮૫ | ૧૩૭૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૭૯૦ | ૭૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૩૭૩ |
| મગફળી | ૮૦૦ | ૮૦૫ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૫૫૧ |
| ચણા | ૯૭૬ | ૧૦૩૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૪૧૨ |
| જકાઈ | ૪૯૦ | ૪૯૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૩૧ |
| શીંગફાડા | ૧૦૦૦ | ૧૧૫૧ |
| મગફળી | ૭૦૧ | ૯૯૬ |
| મેથી | ૮૦૦ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૫૧ | ૧૭૫૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૭૦ | ૧૦૫૨ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૮ |
| તલ સફેદ | ---- | ૧૯૩૦ |
| તલ કાળા | --- | ૪૦૦૧ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૩૬૬ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૧ |
| જુવાર | ૮૧૧ | ૮૭૨ |
| અજમા | ૧૪૧૦ | ૨૨૯૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૧ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૫ |
| એરંડી | ૧૧૭૨ | ૧૨૦૬ |
| ધાણા | ૧૩૦૦ | ૨૧૧૮ |
| રાય રાયડો | ૧૦૦૦ | ૧૩૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૪૪૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ૦ | ૧૦૦૦ | ૧૦૮૫ |
| મગફળી ૩૨નં. | ૯૫૦ | ૧૦૨૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૯૭ |
| ઘઉં | ૪૪૫ | ૫૭૯ |
| રાઈ | ૯૨૦ | ૧૦૨૨ |
| રાયડો | ૮૭૦ | ૧૦૨૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૬૦ |
| જુવાર | ૫૭૦ | ૧૦૫૬ |
| ચણા | ૮૯૦ | ૧૦૫૧ |
| જા.તલ | ૧૯૦૦ | ૨૩૮૦ |
| સોયાબીન | ૬૭૦ | ૭૪૩ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૦૯ |
| કાંગ | ૩૦૦ | ૫૧૪ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૨૬ | ૧૦૨૬ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૨૮ |
| શીંગ ૩૯ | ૮૮૦ | ૯૫૫ |
| શીંગ જી ૨૦ | ૯૭૦ | ૧૦૮૪ |
| જુવાર | ૩૫૧ | ૯૭૦ |
| બાજરી | ૪૦૧ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૭૧૮ |
| અડદ | ૫૮૬ | ૧૨૬૧ |
| મગ | ૫૦૧ | ૨૦૬૦ |
| સોયાબીન | ૭૬૭ | ૭૮૪ |
| ચણા | ૮૩૮ | ૧૦૮૧ |
| તલ સફેદ | ૧૭૭૧ | ૧૯૩૫ |
| તલ પુરબીયા | ૨૪૨૫ | ૨૫૪૧ |
| તુવેર | ૧૩૩૮ | ૧૩૪૬ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૭૫ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૪૦૦ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૨૪૦ |
| નાળીયેર | ૧૫૩ | ૨૨૬૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૬૧ | ૧૦૦૩ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૪૩૦૧ | ૪૩૦૧ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૨૨૨ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| બાજરો | ૪૫૦ | ૬૦૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૫ |
| જુવાર | ૬૦૦ | ૯૪૯ |
| મકાઈ | ૭૫૧ | ૭૫૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૮૧ |
| ચણા | ૯૯૫ | ૧૦૪૫ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| સોયાબીન | ૭૪૩ | ૭૪૫ |
| અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| રાયડો | ૯૯૦ | ૯૯૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૧૧ | ૧૪૫૧ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૪૦ |
| જુવાર સફેદ | ૬૦૧ | ૮૪૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૧૭ |
| તુવેર | ૧૩૦૧ | ૧૩૬૨ |
| ઘઉં | ૫૭૬ | ૫૭૬ |
| એરંડા | ૯૫૨ | ૯૫૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બગસરા નગરપાલિકામાં રૂ. ૪૮ કરોડ ૩૫ લાખનું બજેટ રજૂ કરવામાં આવ્યું

**લાયબ્રેરીનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો**



બગસરા, તા.૦૫

બગસરા નગરપાલિકામાં તા.૦૫ના રોજ મળેલી સામાન્ય સભામાં પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખ દ્વારા બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેને સર્વાનુમતે મંજૂરી મળી હતી. બજેટ અંતર્ગત સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં ચીફ ઓફિસર દ્વારા ૪૮ કરોડ ૩૫ લાખનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ઉપસ્થિત ૨૪ સભ્યોમાંથી બજેટની તરફેણમાં ૨૦ તથા વિરુદ્ધમાં ૪ મતો પડતા બજેટ બહુમતીથી મંજૂર થયું હતું. બેઠકમાં ચાર સભ્યો ગેરહાજર હતા. પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયાના જણાવ્યા અનુસાર શહેર માટે વધુને વધુ વિકાસના કાર્યો થઈ શકે તે રીતે બજેટ તૈયાર કરેલ છે. બગસરામાં એક ભવ્ય લાયબ્રેરીના નિર્માણનો નિર્ણય લેવામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ તથા વાંચનના રસિકોને ઉત્તમ સગવડ મળી રહેશે. આ બેઠકમાં નાણાપંચની ગ્રાન્ટના વપરાશ અંગે પણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

# ચલાલા પાલિકા પ્રમુખ તરીકે જયશ્રીબેન વાળા, ઉપપ્રમુખ પ્રવિણ માલવીયા

ચલાલા,તા.૦૫

ચલાલા નગરપાલિકા માટે આવતા અઢી વર્ષમાં પ્રમુખ, ઉપપ્રમુખની નવી નગરપાલિકાના હોલમાં પ્રાંત અધિકારી જાડેજાની અધ્યક્ષતામાં ચૂંટણી યોજાયેલ હતી, નગરપાલિકા હોલમાં પહેલા તમામ સદસ્યોની સાથે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા અને પ્રભારી જીતુભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રદેશ અધ્યક્ષે આપેલ નિમણૂંક પત્રનું વાંચન કરી પ્રમુખ, ઉપપ્રમુખ,કારોબારી ચેરમેન, દંડક અને શાસક પક્ષના નેતાના નામની જાહેરાત કરી હતી. પ્રમુખ તરીકે શ્રીમતી નયનાબહેન વનરાજભાઈ વાળા અને ઉપપ્રમુખ તરીકે પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવીયાએ પોતાની દાવેદારીના ફોર્મ રજૂ કરતા બીજા કોઈ જ ફોર્મ રજૂ નહી થતા આવતા અઢી વર્ષ માટે પ્રમુખ તરીકે શ્રીમતી નયનાબહેન વનરાજભાઈ વાળા અને ઉપપ્રમુખ તરીકે પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવીયાને ચૂંટણી અધિકારી જાડેજાએ બિનહરીફ વિજેતા જાહેર કરેલ હતા. તેમજ પક્ષમાંથી કારોબારી ચેરમેન તરીકે જયશ્રીબહેન ભરતભાઈ સોંલકી, દંડક તરીકે અવિરતભાઈ માલા અને શાસક પક્ષના નેતા તરીકે કેતનભાઈ સરવૈયાના નામ જાહેર કરાયા હતા.





# અમરેલી જિલ્લાનાં માર્કેટયાર્ડોનાં ચેરમેનો દ્વારા બાકી માર્કેટ શેષ ફી ચુકવવા સરકારમાં રજૂઆત

અમરેલી, તા.૦૫

સરકાર દ્વારા ટેકાનાં ભાવે વિવિધ જણસીઓ જેવી કે, મગફળી, ચણા, તુવેર, રાયડો, સોયાબીન વિગેરેની ખરીદી કરવામાં આવે છે. જેમાં ટેકાનાં ભાવે ખરીદ કરેલ જણસીઓની માર્કેટ શેષ ફી વર્ષ ૨૦૧૬ દરમ્યાન રાજુલા ખાંભા તાલુકા ખરીદ વેચાણ સંઘને તેમજ વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૫ સુધીની માર્કેટયાર્ડોને શેષ ફીની રકમ ચુકવવાની બાકી હોય, જેથી માર્કેટયાર્ડની સ્થિતિને ધ્યાનમાં રાખીને કૌશિકભાઈ વેકરીયા, હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલાની આગેવાની હેઠળ અમરેલી જિલ્લાનાં માર્કેટયાર્ડોનાં ચેરમેનો દિપકભાઈ માલાણી, જીજ્ઞેશભાઈ પટેલ, ચેતનભાઈ શીયાળ, વિનુભાઈ રૈયાણી તેમજ અન્ય ચેરમેનો દ્વારા નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ તેમજ સહકારમંત્રી જગદિશભાઈ વિશ્વકર્માને બાકી માર્કેટ શેષ ફી ચુકવવા અંગે યોગ્ય રજૂઆત કરવામાં આવેલ છે.

# પ્રભાસપાટણમાં ગાંજા સાથે બે ઈસમો ઝડપાયા, રૂ. ૪૯,૪૦૦નો મુદ્દામાલ જપ્ત

ગીર સોમનાથ, તા.૦૫

ગીર સોમનાથના પ્રભાસપાટણ GIDC વિસ્તારમાંથી એસ.ઓ.જી. ટીમે બાતમીના આધારે બે ઈસમોને માદક પદાર્થ ગાંજા સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ રૂ. ૪૯,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. એન.બી. ચૌહાણ અને પોલીસ સબ ઈન્સ. એન.એ. વાઘેલાની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓમાં અભિમન્યુ કુમાર સિંહ (બિહાર) અને રોહિત કુમાર ભોલા (બિહાર)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગાંજો સપ્લાય કરનાર ફિરોજ અબ્દુલભાઈ મલેક (કોડીનાર)ને પણ કોડીનારથી ઝડપી પાડવામાં આવ્યો છે. જ્યારે ચંદનસિંહ (દિલ્હી) નામનો આરોપી ફરાર છે. પોલીસે આરોપીઓ પાસેથી ૪૯૪૦ ગ્રામ ગાંજો (કિંમત રૂ. ૪૯,૪૦૦) અને બે મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦) મળી કુલ રૂ. ૫૯,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મુખ્ય આરોપી અભિમન્યુ કુમાર સિંહ દિલ્હીથી ચંદનસિંહ પાસેથી ગાંજાનો જથ્થો મંગાવતો હતો અને કોડીનારના ફિરોજ મલેકને આપતો હતો. ફિરોજ મલેક આ ગાંજો દીવ અને આસપાસના વિસ્તારોમાં વેચતો હતો.



# કોડીનાર-અંબાજી બસ સેવા ફરી શરૂ થવાની આશા પર પાણી ફરી વળ્યું

કોડીનાર, તા.૦૫

કોડીનાર ડેપો દ્વારા બાવીસ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી અંબાજી રૂટની બસ સેવા સ્ટાફ શોર્ટેજના બહાના હેઠળ બંધ કરી દેવામાં આવી હતી. આ બસ સેવા ફરીથી શરૂ કરવા છેલ્લા ઘણા વર્ષોથી સતતપણે રજૂઆત પણ થઈ રહી હતી. પણ બહેરા તંત્રના કાને કોડીનારનો કોઈ અવાજ સંભળાતો જ નથી. તાજેતરમાં સરકાર દ્વારા દરેક એસટી વિભાગને યાત્રાધામ અને પર્યટન સ્થળોને જોડતી બે નવી બસ સર્વિસનો સર્વે કરી શરૂ કરવા બાબતે સૂચનો મંગાવવામાં આવ્યા હતા. જેમાંથી અમરેલી વિભાગ દ્વારા અમરેલી-અંબાજી નવી સર્વિસ શરૂ થવાની વાત વહેતી થતાં આ બસ સેવાને કોડીનારથી સંચાલિત કરવા માટે માગણીઓ કરવામાં આવી હતી. જેમાં કોડીનારના બિનજરૂરી એવા જૂનાગઢ, દીવ, ઉના, વેરાવળના બસ રૂટ બંધ કરી એ રૂટના કિલોમીટર તથા રૂટને અંબાજી સાથે જોડી કોડીનાર-અંબાજી બસ સેવા તરીકે શરૂ કરવા માગણી કરવામાં આવી હતી.

# ગોંડલ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદમાં નવી નિમણૂકો, કનુભાઈ લાલુ અધ્યક્ષ બન્યા

**સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠકમાં ધર્મેન્દ્રભાઈ રાજાણી રાજકોટ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ તરીકે નિયુક્ત**





ધોરાજી,તા.૦૫

વિશ્વ હિન્દુ પરિષદ ગોંડલ જિલ્લાના અધ્યક્ષ તરીકે કનુભાઈ લાલુ અને રાજકોટ વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ તરીકે ધર્મેન્દ્રભાઈ રાજાણીની નિમણૂક સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠકમાં કરવામાં આવી છે. ગોંડલ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી પ્રફુલભાઈ જાનીએ આ અંગે માહિતી આપી હતી. તાજેતરમાં સાળંગપુર ખાતે સૌરાષ્ટ્ર પ્રાંત વિશ્વ હિન્દુ પરિષદની બેઠક યોજાઈ હતી, જેમાં પ્રાંત મંત્રી દેવજીભાઈ મિયાત્રાએ ગોંડલ જિલ્લાના અધ્યક્ષ તરીકે કનુભાઈ લાલુ અને રાજકોટ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ તરીકે ધર્મેન્દ્રભાઈ રાજાણીની નિમણૂક જાહેર કરી હતી. બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંત વિશ્વ હિન્દુ પરિષદના વિવિધ કાર્યક્રમો અને આગામી આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# જૂનાગઢ લો કોલેજના વિદ્યાર્થીઓની સરકારી કચેરીઓમાં અભ્યાસયાત્રા અને કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ



જૂનાગઢ, તા. ૦૫

જૂનાગઢ જુનિયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજના વિદ્યાર્થીઓએ શહેરની વિવિધ સરકારી કચેરીઓની મુલાકાત કરી અને પ્રશાસકીય કાર્યપ્રણાલી વિશે મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી. આ અભ્યાસયાત્રા કોલેજના આચાર્ય ડૉ. પરવેઝ બ્લોચના માર્ગદર્શન અને ટીમ લીડર સિમરન શેવકાણીની આગેવાનીમાં યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ કલેક્ટર કાર્યાલય, સિટી સર્વે કચેરી, સબ રજિસ્ટ્રાર કચેરી, ફેમિલી કોર્ટ, જિલ્લા અદાલત, આપત્તિ વ્યવસ્થાપન કચેરી અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનની મુલાકાત લઈને પ્રયોગાત્મક ફાયદાની ઊંડી સમજ મેળવી હતી. ગિરનાર પબ્લિક સ્કૂલમાં યોજાયેલી કાનૂની જાગૃતિ શિબિરમાં વિદ્યાર્થીઓ આપત્તિ વ્યવસ્થાપન અને સાઈબર ક્રાઈમ કાયદાઓ અંગે માહિતગાર થયા હતા. આ અભ્યાસયાત્રા અને શિબિરને સફળ બનાવવા સિમરન શેવકાણીની સાથે જય પંડ્યા, શિવાંગ ચૌહાણ, મયુર સોલંકી, જૈમિન દેવાણી, દિવ્યા ધુડા, મિરલ ડાંગર, ભૌતિક દેવાણી, પૂજા ભટ્ટી, દર્શના બગિયા, નવનીત જાદવ અને ભરત મકવાણાએ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# મહુવા માર્કેટીંગ યાર્ડનું રૂા. ૧૬.૧૪ કરોડનાં વિકાસકાર્યો સાથેનું પુરાંતવાળુ બજેટ મંજૂર



મહુવા, તા.૦૫

મહુવા માર્કેટીંગ યાર્ડની બજેટ બેઠક મળેલ હતી. જેમાં મહુવા માર્કેટીંગ યાર્ડનું ચેરમેન ગભરૂભાઈ કામળીયાએ વિકાસલક્ષી બજેટ રજૂ કરેલ હતું. ચેરમેને આગામી વર્ષ માટે આ બજેટમાં તાલુકાનાં ખેડૂતો માટે વિવિધ યોજનાઓ રજૂ કરેલ જેમાં ડ્રીપ ઈરીગેશન, તાલપત્રી, ખેડૂત અકસ્માત વીમો, ખેડૂતલક્ષી મુકવામાં આવનાર અન્ય સહાયો વિગેરે મળી રૂા. ૧૬.૧૪ કરોડના વિકાસકાર્યો કરવાનું ઠરાવવામાં આવ્યુ હતું. આ બજેટમાં નિયમાનુસારની અન્ય વહીવટી બાબતોની જોગવાઈ કરી બધા જ ખર્ચની ફાળવણીને અંતે ખર્ચ કરતા આવકનો વધારો રૂા. ૩.૩૮ કરોડ રહેવા પામેલ છે. આમ મહુવા તાલુકાનાં કૃષિ વિકાસમાં ખેડૂતલક્ષી યોજનાઓ સાથે મહુવા માર્કેટીંગ યાર્ડનું વિકાસલક્ષી બજેટ ચેરમેન ગભરૂભાઈ કામળીયાએ રજૂ કરતા વા.ચેરમેન બાબુભાઈ જોળીયા તથા તમામ સાથી સદસ્યોએ બજેટને હર્ષભેર વધાવી લીધેલ હતું.

# દિલીપ સંઘાણી દ્વારા ઈફકો કોરડેટમાં પ્રાગજીભાઈ કાલરીયાની નિમણૂંક



અમરેલી, તા.૦૫

ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા ઈફકો કોરડેટમાં પ્રાગજીભાઈ કાલરીયાની નિમણૂંક કરવામાં આવી હતી. કો-ઓપરેટીવ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટની કલોલ ખાતે મિટિંગ મળી હતી. જેમાં નોમિની ટ્રસ્ટી તરીકે નિમણૂંક આપવાની હોય તેમાં ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા અમરેલી જિલ્લાનાં ખેડૂત આગેવાન પ્રાગજીભાઈ કાલરીયાનાં નામની દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં આ દરખાસ્તને બોર્ડ ઓફ ટ્રસ્ટીએ સ્વીકારી લેતા પ્રાગજીભાઈ કાલરીયાની ઈફકો કોરડેટનાં ટ્રસ્ટી તરીકે નિમણૂંક થઈ હતી.

# ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે વોકેશનલ એજ્યુકેશન સેમિનાર યોજાયો



અમરેલી, તા.૦૫

અમરેલીમાં ગજેરા કેમ્પસમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા દ્વારા વોકેશનલ એજ્યુકેશન કાર્યક્રમ ઘનશ્યામભાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ વોકેશનલ એજ્યુકેશન સેમિનારમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. આધુનિક યુગમાં પ્રેક્ટિકલ જ્ઞાન ખુબ જ આવશ્યક છે. સંસ્થાના વ્યવસ્થાપક વસંતભાઈ પેથાણીએ બાળકોને વોકેશનલ એજ્યુકેશનનું મહત્વ સમજાવ્યું તથા બાળકોને વ્યવસાયલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે તદન નિઃશૂલ્ક વોકેશનલ એજ્યુકેશન શરૂ થશે તેવી જાહેરાત કરી હતી.

# અમરેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સફાઈ અંગે જાગૃતિ કાર્યક્રમ

**શહેરના જુદા જુદા વિસ્તારમાં મેજિક શો, નાટક તેમજ ફ્લેશ મોબનું આયોજન કરાયું**



અમરેલી, તા.૦૫

અમરેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન અને નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સરકાર દ્વારા લોકોમાં સફાઈ અંગે જાગૃતિ આવે, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે, સુકો તથા ભીનો કચરો અલગ અલગ કચરાપેટીમાં નાખે, ભીના કચરામાંથી લોકો જાતે ખાતર બનાવે તે હેતુથી સરકાર દ્વારા જુદા જુદા શહેરોમાં જુદી જૂદી IEC પ્રવૃત્તિ જેવી કે શેરી નાટકો, ડાયરો, મેજિક શો, ફ્લેશ મોબ, ભવાઈ, પપેટ શો વિગેરે જેવી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત અમરેલી નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર, સીટી મેનેજર SWM અને સીટી મેનેજર IT તેમજ નગરપાલિકાના સ્ટાફ દ્વારા શહેરના રાજકમલ ચોક, નાનું બસ સ્ટેન્ડ, મોટું બસ સ્ટેન્ડ જેવા જુદા જુદા વિસ્તારમાં મેજિક શો, નાટક તેમજ ફ્લેશ મોબનું આયોજન કરવામાં આવેલ હતું.

# જીટીયુની એમસીએ સેમ. ૧ની પરીક્ષામાં ગજેરા કેમ્પસની કોલેજની ઝળહળતી સિદ્ધિ





અમરેલી, તા.૦૫

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં લેવાયેલી એમસીએ સેમ-૧ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલીના ગજેરા કેમ્પસની એમ.એલ. કાકડિયા એમ.સી.એ. મહિલા કોલેજની બે વિદ્યાર્થિનીઓએ યુનિવર્સિટી કક્ષાએ ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ચૌહાણ કૃપાલી બી. SPI - ૯.૮ સાથે સાતમું અને નાડોદા નેન્સીએ SPI-૯.૬૫ સાથે નવમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સંકુલ પરિવાર તરફથી સ્ટાફ, વિદ્યાર્થિનીઓ અને રેન્કરને અભિનંદન આપવામાં આવ્યા હતા.


**-//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ/ કેસ/રજી.નં. /૨૦૨૫

**પ્રતિ,**

શ્રી મહેશભાઈ હાજાભાઈ ચૌહાણ
રહે.બોડીદર, તા.ગીર ગઢડા જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર
વકીલશ્રી એમ.આર.ડોડીયા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, અડવી
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના અડવી ગામના રહીશ **શ્રી મહેશભાઇ હાજાભાઇ ચૌહાણ તથા શ્રી વર્ષાબેન મહેશભાઇ ચૌહાણ ની પુત્રી હિતેક્ષાબેન મહેશભાઇ ચૌહાણ નો જન્મ** તા.૦૨/૦૮/૨૦૦૫ માં કોડીનાર તાલુકાના અડવી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના અડવી ગામના સને .૨૦૦૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(જી.કે.વાળા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અરવિંદ કેજરીવાલે પોતાની 'શાંતિ' માટે પંજાબના પૈસા વેડફ્યા : ભાજપનો આક્ષેપ

નવીદિલ્હી,તા.૦૫



આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ ૧૦ દિવસના વિપશ્યના સત્ર માટે પંજાબના હોશિયારપુર પહોંચ્યા છે. તેમણે આજથી વિપશ્યના શરૂ કરી દીધી છે પરંતુ આ સાથે તેઓ ભાજપનું નિશાન પણ બની ગયા છે. દિલ્હી સરકારના મંત્રી મનજિંદર સિંહ સિરસાએ કેજરીવાલ પર પ્રહાર કરતા કહ્યું કે તેમણે પોતાની શાંતિ માટે પંજાબના પૈસા વેડફ્યા છે. તમને જણાવી દઈએ કે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલ તેમની પત્ની સુનિતા કેજરીવાલ સાથે મંગળવારે હોશિયારપુરથી લગભગ ૧૪ કિમી દૂર ચૌહાલમાં ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ પહોંચ્યા હતા. સિરસાએ કેજરીવાલની વિપશ્યના પર નિશાન સાધતા કહ્યું કે આમ આદમી પાર્ટીના સુપ્રીમો ૫૦ વાહનોના કાફલા સાથે પંજાબના હોશિયારપુર પહોંચ્યા. તેમણે આરોપ લગાવ્યો કે તેમના કાફલામાં ૨ કરોડ રૂપિયાની કિંમતની લેન્ડ ક્રુઝર કાર હતી. સિરસાએ જણાવ્યું હતું કે કાફલાની સુરક્ષા ૧૦૦ થી વધુ પંજાબ પોલીસ કમાન્ડો દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે કેજરીવાલ પોતાની શાંતિ માટે પંજાબના લોકોના પૈસા વેડફી રહ્યા છે.

# વૈદિક ઘડિયાળ પીએમઓ અને સંસદ ભવનમાં સ્થાપિત થશે, ૧૮૯ ભાષાઓનો સમાવેશ

(એચ.એસ.એલ), ઉજ્જૈન,તા.૦૫



ગયા વર્ષે ૨૯ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિક્રમાદિત્ય વૈદિક ઘડિયાળનું ઉદ્‌ઘાટન કર્યું હતું. વિક્રમાદિત્ય વૈદિક ઘડિયાળ એ વિશ્વની પહેલી એવી ઘડિયાળ છે જે ભારતીય સમય ગણતરી પર આધારિત છે. વિક્રમાદિત્ય વૈદિક ઘડિયાળની એપ ૩૦ માર્ચ ૨૦૨૫ ના રોજ લોન્ચ થવા જઈ રહી છે, આ ઘડિયાળ લોન્ચ થયાના એક વર્ષ પછી. આ સાથે, વૈદિક ઘડિયાળના ૧૦૦ થી વધુ નાના સંસ્કરણો પણ બનાવવામાં આવી રહ્યા છે જે ફક્ત દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ મહત્વપૂર્ણ સ્થળોએ સ્થાપિત કરવામાં આવશે જે આપણા દેશની પ્રતિષ્ઠામાં વધારો કરશે. વિક્રમાદિત્ય સંશોધન કેન્દ્રના નિર્દેશક રામ તિવારીએ જણાવ્યું હતું કે આ વૈદિક ઘડિયાળો એક ખાસ રીતે તૈયાર કરવામાં આવી રહી છે, જેમાં હિન્દી અને અંગ્રેજીની સાથે લગભગ ૧૮૯ ભાષાઓ હશે. જો આપણે આ ઘડિયાળની ખાસિયત વિશે વાત કરીએ તો, તેને એક ખાસ ચિપનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી રહી છે જેથી વીજળી જાય તો પણ આ ઘડિયાળ બંધ ન થાય અને તેનો સમય આપમેળે ચાલતો રહે. થોડા દિવસો પહેલા, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આ વૈદિક ઘડિયાળનું એક નાનું સંસ્કરણ ભેટમાં આપ્યું હતું.

# ચૂંટણી દરમિયાન પૈસા વહેંચવાના આરોપમાં શરદ પવારના પૌત્ર સહિત ઘણા લોકોને બોમ્બે હાઈકોર્ટેનું સમન્સ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૦૫

મહારાષ્ટ્રના રાજકારણના ચાણક્ય કહેવાતા શરદ પવારના પૌત્રની મુશ્કેલીઓ એક મુદ્દાને લઈને વધતી જતી હોય તેવું લાગે છે. બોમ્બે હાઈકોર્ટે કર્જત-જામખેડ વિધાનસભા બેઠકના NCP ધારાસભ્ય અને શરદ પવારના પૌત્ર રોહિત પવાર અને કેટલાક અન્ય લોકો સામે સમન્સ જારી કર્યા છે. આ સમન્સ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન પૈસા વહેંચવાના આરોપો પર જારી કરવામાં આવ્યું છે. આ અરજી ભાજપના નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદે દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજીમાં, રામ શિંદેએ રોહિત પવાર પર ચૂંટણી દરમિયાન મતોના બદલામાં પૈસા વહેંચીને અને લોકોને લાંચ આપીને ભ્રષ્ટાચારમાં સામેલ થવાનો આરોપ લગાવ્યો છે. અરજીમાં ચૂંટણી મોસમ દરમિયાન પવારના મતવિસ્તારનો એક વીડિયો પણ ટાંકવામાં આવ્યો છે, જેના પગલે FIR દાખલ કરવામાં આવી હતી.

# યુપીમાં બે મહિના સુધી કિશોરીને બંધક બનાવી સામૂહિક બળાત્કાર, એસિડથી હાથમાં લખેલુ 'ઓમ' સળગાવ્યું

મુરાદાબાદ,તા.૦૫




મુરાદાબાદના ભગતપુર પોલીસ સ્ટેશન વિસ્તારની એક કિશોરીનું બીજા સમુદાયના યુવાનોએ કારમાં અપહરણ કર્યું હતું. તેણીને બે મહિના સુધી એક રૂમમાં બંધક બનાવીને રાખવામાં આવી હતી અને તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આરોપ છે કે આ સમય દરમિયાન, આરોપીએ પીડિતાના હાથ પર લખેલું ઓમ એસિડથી બાળી નાખ્યું અને તેને બળજબરીથી માંસ પણ ખવડાવ્યું. પીડિતાની કાકીની ફરિયાદ પર પોલીસે કેસ નોંધ્યો છે અને મુખ્ય આરોપી સલમાનની ધરપકડ કરી છે. ૩ માર્ચે, અનુસૂચિત જાતિની એક મહિલાએ ભગતપુર પોલીસ સ્ટેશનમાં દૌલપુરી બામણિયા વિસ્તારના રહેવાસી સલમાન, ઝુબૈર, રાશિદ અને આરીફ વિરુદ્ધ અપહરણ, ગેંગરેપ, પોક્સો એક્ટ અને એસસી-એસટી એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ કેસ દાખલ કર્યો હતો. જેમાં મહિલાએ જણાવ્યું હતું કે તેની ભાભીની ૧૪ વર્ષની પુત્રી ૨ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ કપડાં સીવવા માટે દરજી પાસે બજારમાં જઈ રહી હતી. રસ્તામાં, આરોપી પીડિતાને એક કારમાં મળ્યો અને તેને બળજબરીથી કારમાં ખેંચી ગયો અને તેની નશીલા પદાર્થની ગંધથી બેભાન કરી દીધી. મહિલાનો આરોપ છે કે આરોપીએ તેને એક રૂમમાં બંધક બનાવી રાખી હતી. અહીં આરોપીઓએ તેની સાથે ગેંગરેપ કર્યો. આ દરમિયાન આરોપીએ પોતાના હાથ પર લખેલું ઓમ પણ એસિડથી બાળી નાખ્યું હતું.

# ભુવનેશ્વરમાં વિદ્યાર્થીઓ પર થયેલ ઘટનાની નિંદા કરતું એબીવીપી

(એચ.એસ.એલ),ભુવનેશ્વર,તા.૦૫

ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં ઉત્કલ યુનિવર્સિટીમાં લોકસભા સાંસદ ચંદ્રશેખર આઝાદની હાજરીમાં આયોજિત રાજકીય કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાની ઘટનાની અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે નિંદા કરી છે. એક નિવેદનમાં, એબીવીપીએ કહ્યું, ''અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર હુમલો કરવાની અને કાર્યક્રમમાં હાજર બહારના લોકો દ્વારા શૈક્ષણિક વાતાવરણ બગાડવાની ઘટનાની સખત નિંદા કરે છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં બાહ્ય રાજકીય તત્વોનો હસ્તક્ષેપ ન હોવો જોઈએ.'' ચંદ્રશેખર આઝાદના આરોપોનો જવાબ આપતા કહ્યું, 'ઓડિશાની એક શૈક્ષણિક સંસ્થામાં ચંદ્રશેખર આઝાદ, તેમની સાથે આવેલી ભીડ અને અન્ય લોકો વચ્ચે થયેલી અથડામણમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો કોઈ કાર્યકર સામેલ નથી.

# અનેક રાજ્યોમાં જીત બાદ આરએસએસની બેંગલોરમાં સભા, સંઘના પ્રતિનિધીઓ ભાગ લેશે

(એચ.એસ.એલ),પટણા,તા.૦૫



બિહાર અને બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ પર આરએસએસ મંથન કરવા જઈ રહ્યું છે. આરએસએસની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક ૨૧ થી ૨૩ તારીખ દરમિયાન કર્ણાટકના બેંગલુરુમાં યોજાવા જઈ રહી છે. આરએસએસની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક ૨૧ થી ૨૩ માર્ચ દરમિયાન બેંગલુરુમાં યોજાવા જઈ રહી છે જેમાં સંઘના અખિલ ભારતીય પ્રતિનિધિઓ ભાગ લેશે. આ બેઠકમાં સમગ્ર ભારતમાંથી લગભગ ૧૫૦૦ થી ૧૬૦૦ સંઘના અધિકારીઓ હાજર રહેશે. દર વર્ષે આ બેઠક માર્ચ મહિનામાં યોજાય છે અને આ બેઠકમાં એક વર્ષ માટેનું કામ નક્કી કરવામાં આવે છે. આ સંઘની સ્થાપનાનું ૧૦૦મું વર્ષ છે. આવી સ્થિતિમાં, આ બેઠકમાં મુખ્યત્વે આગામી વષર્નાં સંઘના કાર્યક્રમો અંગે ચર્ચા થશે. સંઘ વિજયાદશમી ૨૦૨૫ થી વિજયાદશમી ૨૦૨૬ સુધી તેનું શતાબ્દી વર્ષ ઉજવશે. આ સમય દરમિયાન, સંઘના કાર્યક્રમોનું આયોજન કેવી રીતે કરવું તે અંગે પણ ચર્ચા થશે.

# દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં બીએપીએસ દક્ષિણ ધ્રુવનું સૌથી મોટુ મંદિર બનાવશે

જોહાનિસબર્ગ,તા.૦૫




અબુધાબી પછી બોચાસણ નિવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા હવે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં દક્ષિણ ધ્રુવનું સૌથી મોટું મંદિર બનાવી રહી છે. આ મંદિર જોહાનિસબર્ગના સૌથી વ્યસ્ત અને સુંદર લેન્સેરિયા કોરિડોરમાં ૩૭,૦૦૦ ચોરસ મીટરમાં બનાવવામાં આવી રહ્યું છે. અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા અનુસાર, મંદિર અને સાંસ્કૃતિક સંકુલના નિર્માણનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને આગામી ત્રણ વર્ષમાં એટલે કે ૨૦૨૭ સુધીમાં તૈયાર થઈ જશે. તે સાઉથ પોલમાં સૌથી મોટું હિન્દુ મંદિર હશે. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં અબુધાબીમાં મધ્ય પૂર્વના સૌપ્રથમ સુશોભિત કોતરણીવાળા હિન્દુ મંદિરના ઉદ્‌ઘાટન પછી, બીએપીએસએ દક્ષિણ આફ્રિકામાં આ મંદિર પર પૂરઝડપે કામ શરૂ કર્યું હતું. ગયા મહિને, વતર્માન ગુરુ મહંત સ્વામી મહારાજની હાજરીમાં મંદિરના ૩૩,૦૦૦ ચોરસ મીટરના સાંસ્કૃતિક સંકુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને હવે બીજા તબક્કામાં ૨,૫૦૦ ચોરસ મીટરના પરંપરાગત મંદિર સંકુલનું કામ શરૂ થશે.

# અમેરિકા ૨ એપ્રિલથી પારસ્પરિક ટેરિફ લાદવા જઈ રહ્યું છે : રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૦૫




અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું. પોતાના સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે ભારત, ચીન, યુરોપિયન યુનિયન અને અન્ય દેશો વિરુદ્ધ મોટા પગલાં લેવાની વાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ૨ એપ્રિલથી પારસ્પરિક ટેરિફ લાદવા જઈ રહ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે તેઓ અમારા પર ગમે તેટલો ટેરિફ લાદે, અમે પણ તેમના પર તેટલો જ ટેરિફ લાદીશું. યુએસ કોંગ્રેસને સંબોધતા, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, અન્ય દેશોએ દાયકાઓથી અમારી સામે ટેરિફનો ઉપયોગ કર્યો છે. હવે અમારો વારો છે કે અમે તે દેશો સામે ટેરિફનો ઉપયોગ શરૂ કરીએ. સરેરાશ, યુરોપિયન યુનિયન, ચીન, બ્રાઝિલ, ભારત અને અસંખ્ય અન્ય દેશો અમારી પાસેથી ઘણા ઊંચા ટેરિફ વસૂલ કરે છે. તે અમે વસૂલીએ છીએ તેના કરતા ઘણા વધારે છે. તે ખૂબ જ અન્યાયી છે. ભારત અમારી પાસેથી ૧૦૦% ટેરિફ વસૂલ કરે છે.

# ચીનની જવાબી કાર્યવાહી : અમેરિકા પર ૧૦ માર્ચથી ટેરિફ લાગુ કર્યો

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૦૫

અમેરિકાએ ચીન પર ૨૦ ટકા ટેરિફ લાદ્યા બાદ ચીને પણ જવાબી કાર્યવાહીના ભાગરૂપે અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૧૦થી ૧૫ ટકા સુધી ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ ટેરિફ ૧૦ માર્ચથી લાગુ થશે. ચીને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન સમક્ષ ટ્રમ્પની ટેરિફ નીતિ વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે. ચીનના નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, 'આ ટેરિફ અમેરિકામાંથી આયાત થતાં ઘઉં, મકાઈ, કપાસ સહિત ટોચની અમેરિકન પ્રોડક્ટ્સ પર લાગુ થશે. ચીનનો આ નિર્ણય અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન પર ૨૦ ટકા ટેરિફ લાદવાના આદેશ બાદ લેવાયો છે. અમેરિકામાંથી આયાત થતાં ઘઉં, મકાઈ, કપાસની આયાત પર ૧૫ ટકા, જ્યારે જુવાર, સોયાબીન, ફળો, શાકભાજી અને ડેરી સહિતની પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા ટેરિફ લદાશે.'

# રમજાન માસમાં પાકિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ : ૭ બાળકો સહિત ૧૨ના મોત

ઈસ્લામાબાદ,તા.૦૫



રમઝાનના પવિત્ર અવસર પર પાકિસ્તાનમાં એક મોટો બોમ્બ વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટમાં ૭ બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા છે. આ વિસ્ફોટ એટલો ભયંકર હતો કે મસ્જિદની છત પણ ધરાશાયી થઈ ગઈ. આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં બન્નુ કેન્ટોનમેન્ટ નજીક બની હતી. આ ઘટના બાદ તહરીક-એ-તાલિબાનના ૬ આતંકવાદીઓ પણ માર્યા ગયા છે. અહેવાલો અનુસાર, પોલીસ અને બચાવ સેવાઓએ જણાવ્યું હતું કે મંગળવારે ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં આત્મઘાતી બોમ્બરોએ વિસ્ફોટકોથી ભરેલા બે વાહનોને સુરક્ષા મથકમાં ઘુસાડી દીધા હતા, જેના કારણે વિસ્ફોટ થયો હતો જેમાં મોટા પાયે જાનહાનિ થઈ હતી. એક લશ્કરી અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે વિસ્ફોટ પછી તરત જ નજીકની મસ્જિદની છત તૂટી પડી હતી.

# ગૃહમંત્રાલયની ભલામણથી ગોધરાકાંડના સાક્ષીઓની સુરક્ષા હટાવવાનો નિર્ણય કરતી કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી,તા.૦૫

ગોધરાકાંડના સાક્ષીઓની સુરક્ષા હટાવવામાં આવી છે. કેન્દ્ર સરકારે આ નિર્ણય ગૃહમંત્રાલયની ભલામણ બાદ લીધો છે. સુત્રો અનુસાર, કૂલ ૧૪ સાક્ષીઓની સુરક્ષા પરત લેવામાં આવી છે. સીઆઈએસએફના ૧૫૦ જવાનો આ સાક્ષીઓની સુરક્ષા કરતા હતા.

ગૃહમંત્રાલયે આ નિર્ણય માટે વિશેષ તપાસ ટીમના રિપોર્ટને આધાર બનાવ્યો છે. એસઆઈટીએ ૧૦ નવેમ્બર ૨૦૨૩માં પોતાનો ભલામણ રિપોર્ટ સોપ્યો હતો જેમાં સાક્ષીઓની સુરક્ષા હટાવવાનું સૂચન આપવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, વતર્માન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા આ પગલુ ભરવામાં આવ્યું છે. ગોધરાકાંડના જે ૧૪ સાક્ષીઓની સુરક્ષા હટાવવામાં આવી છે તેમાં હબીબ રસૂલ સય્યદ, અમીનાબેન હબીબ રસૂલ સૈયદ, અકીલાબેન યાસીનમિન, સૈયદ યૂસુફભાઈ, અબ્દુલભાઈ મરિયમ અપ્પા, યાકુબભાઈ, રઝાકભાઈ, અપ્સર હુસૈન, નઝીમભાઈ સત્તારભાઈ, માજિદભાઈ શેખ, યાનુશ મહમદ, હાજી મયુદીન, સમસુદીન ફરીદાબાનુ, સમસુદીન મુસ્તફા ઈસ્માઈલ, મદીનાબીબી મુસ્તફા અને ભાઈલાલભાઈ ચંદુભાઈ રાઠવા સામેલ છે.

ગોધરાકાંડને ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. ફેબ્રુઆરી ૨૦૦૨માં સાબરમતી એક્સપ્રેસના એક ડબ્બામાં આગ લાગ્યા બાદ ૫૯ કાર સેવકોના મોત થયા હતા. જે બાદ દેશભરમાં સાંપ્રદાયિક રમખાણ ભડકી ગયા હતા. આ ઘટના બાદ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એક તપાસ પંચની રચના કરી હતી. પંચમાં ન્યાયમૂર્તિ જીટી નાણાવટી અને ન્યાયમૂર્તિ કેજી શાહ સામેલ હતા. આયોગે પોતાના રિપોર્ટમાં કહ્યું કે માર્યા ગયેલા ૫૯ લોકોમાંથી મોટાભાગના કાર સેવક ઉત્તર પ્રદેશના અયોધ્યાથી પરત ફરતા હતા.

# ચેમ્પિયન ટ્રોફીની સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવી ન્યુઝીલેન્ડ ફાઈનલમાં પહોંચ્યું

દુબઈ, તા.૦૫



ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ની સેમિફાઈનલમાં ન્યુઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને ૫૦ રને હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. ન્યુઝીલેન્ડે ૩૬૩ રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો હતો.ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. વિલ યંગ અને રચિન રવિન્દ્રએ ધીમી શરૂઆત કરી હતી. ન્યૂઝીલેન્ડને શરૂઆતમાં જ વિલ યંગના રૂપમાં ફટકો પડ્યો, જેને લુંગી ન્ગીડીએ આઉટ કર્યો હતો. રચિન રવિન્દ્ર અને કેન વિલિયમસને દક્ષિણ આફ્રિકાના બોલરોને વિકેટ માટે ઝંખતા કર્યા હતા. રચિન રવિન્દ્રએ શાનદાર સદી ફટકારી હતી, તેણે ૧૩ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૧૦૧ બોલમાં ૧૦૮ રન બનાવ્યા હતા. કેન વિલિયમસને ઐતિહાસિક સદી ફટકારી, ૧૯ હજાર આંતરરાષ્ટ્રીય રન પૂર્ણ કર્યા હતા. કેન વિલિયમસને ૯૪ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૧૦૨ રન બનાવ્યા હતા. ત્યારબાદ ડેરિલ મિશેલ અને ગ્લેન ફિલિપ્સે ડેથ ઓવરોમાં વિસ્ફોટક બેટિંગ કરી હતી. સાઉથ આફ્રિકા તરફથી લુંગી એન્ગિડીએ ૩ વિકેટ અને રબાડાએ ૨ વિકેટ લીધી હતી. જવાબમાં દાવમાં ઉતરેલી સાઉથ આફ્રિકાની ટીમે ૩૧૨ રન બનાવ્યા હતા. જેમાં ડેવિડ મિલર ૧૦૦ રન બનાવી અણનમ રહ્યો હતો. ન્યુઝીલેન્ડ તરફથી મિચેલ સેન્ટનરે ૩ વિકેટ, મેટ હેંરી અને ગ્લેન ફિલિપ્સે ૨ વિકેટ લીધી હતી.

# રાહુલ ગાંધી અને પ્રધાનમંત્રી મોદીનું ૭ અને ૮ માર્ચના રોજ ગુજરાતમાં આગમન



અમદાવાદ,તા.૦૫

ગુજરાતમાં ૬૪ વર્ષ પછી કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવા જઈ રહ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનને લઈ રાષ્ટ્રીય નેતાઓનું આગમન શરૂ થઈ ગયું છે. આ અધિવેશનમાં હાજરી આપવા રાહુલ ગાંધી ૭-૮ માર્ચે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવવાના છે. આગામી તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાનારા એઆઈસીસી અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે AICC સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અમદાવાદ આવ્યા છે. અમદાવાદમાં ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે આ અંગે એક મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં અધિવેશન અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ વડાપ્રધાન મોદી પણ બે દિવસ દક્ષિણ ગુજરાતની મુલાકાતે આવવાના છે. તેઓ પણ ૭ માર્ચે સુરત અને ૮ માર્ચે નવસારીની મુલાકાત લેવાના છે. ઉલ્લેખનીય છે કે, બેઠક બાદ રાજીવ ગાંધી ભવનથી વેણુગોપાલ સહિતના નેતાઓનો કાફલો ગાંધીઆશ્રમ પહોંચ્યો હતો. ત્યાંથી તેઓ સીધા એરપોર્ટ ગયા હતા. હરિયાણા, મહારાષ્ટ્ર અને ત્યારબાદ દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી બાદ કોંગ્રેસે ગુજરાતમાં બે દિવસીય રાષ્ટ્રીય સંમેલન યોજવાની જાહેરાત કરી છે.

# ગાંધીનગર ખાતે ગ્રેડ પે અને ટેકનિકલ ગ્રેડ પે મુદ્દે આરોગ્ય કર્મી દ્વારા આંદોલન



ગાંધીનગર તા. ૦૫

ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર શરૂ છે. એવામાં ગ્રેડ પે અને ટેકનિકલ ગ્રેડ પે મુદ્દે રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યભરના કર્મચારીઓએ આ અગાઉ માસ CL ની રજા પણ વિભાગ પાસે માંગી છે. કર્મચારીઓ દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવેલા આંદોલનમાં કર્મચારીઓ પોતાની માંગણી રજૂ કરી રહ્યા છે. જેમાં ખાતાકીય પરીક્ષા રદ કરવી, ટેક્નિકલ કર્મચારી ગણી ગ્રેડ પે સુધારવો, 7 PAY મુજબ PTA આપવું, જેવી માંગણીઓ સૂત્રોચ્ચારના માધ્યમથી રજૂ કરી રહ્યા છે. અગાઉ વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી વખતે આંદોલનોમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા અમુક માંગો સંતોષતા આંદોલન સમેટી લેવામાં આવતું હતું. હવે ચૂંટણીના બે વર્ષ પછી આરોગ્ય કર્મચારીઓએ ફરી સરકાર સામે બાંયો ચઢાવી છે અને ગાંધીનગરમાં જ્યારે વિધાનસભા સત્ર ચાલે છે ત્યારે આંદોલન શરૂ કરી દીધું છે.

# અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખની આજે વરણી કરાશે

અમરેલી,તા.૦૫

હોળાસ્ટક બેસે તે પૂર્વે જ પ્રદેશ ભાજપની સૂચના અનુસાર આજરોજ એટલે કે તા.૬ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખની વરણી કરવામાં આવશે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખની વરણીને લઈ છેલ્લાં ત્રણ મહિનાથી કોકડુ ગૂંચવાયેલુ હતું. જિલ્લામાં ચાર નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતની ચૂંટણી પહેલા જિલ્લા ભાજપ પ્રમુખની વરણી કરવામાં આવશે તેવુ ચર્ચાઈ રહ્યુ હતું પરંતુ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પુરી થઈ ગયા બાદ સત્તાના સુત્રો સોંપ્યા પછી હવે આજે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખની વરણી કરવામાં આવશે. જિલ્લા ભાજપ પ્રમુખની વરણી સમયે પ્રદેશ કક્ષાએથી નિરિક્ષકોની ટીમ પણ આવશે. શહેર અને તાલુકાઓના પ્રમુખની વરણી થયા બાદ આજે જિલ્લા ભાજપ પ્રમુખની વરણીને લઈ કાર્યકરોમાં કોણ જિલ્લા ભાજપ પ્રમુખ બનશે તેને લઈ ભારે સસ્પેન્સ જોવા મળી રહ્યુ છે.

# ગુજરાતમાં નકલીની બોલબાલા : હવે નકલી મહિલા ડીવાયએસપી પોલીસના હાથે ઝડપાઈ



આણંદ,તા. ૦૫

રાજ્યમાં અવારનવાર નકલી અધિકારીઓ, નકલી કચેરીઓ અને નકલી ડોક્ટર પકડાવાના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે હવે આ નકલીના કૌભાંડમાં વધુ એક નકલી અધિકારી સામે આવ્યો છે. આ વખતે નકલી મહિલા અધિકારી પકડાઈ છે. પોતાને ડીવાયએસપી ગણાવતી આણંદના સોજીત્રાની નિશા વ્હોરાની પોલીસે પૂછપરછ હાથ ધરી છે. હવે તો પોલીસના ઉચ્ચ કક્ષાના અધિકારી પણ નકલી હોય એવી સ્થિતિ ઉભી થઈ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ડીવાયએસપી તરીકે નિમણૂંક પામી હોવાનો દાવો કરનાર સોજીત્રાની નિશા વોહરાની પૂછપરછ કરવામાં આવી રહી છે. આણંદના સોજીત્રાની નિશા વ્હોરા પોતાને ડીવાયએસપી તરીકે ઓળખાવતી હતી અને અમદાવાદ સાયબર ક્રાઈમમાં કાર્યરત હોવાનો તે દાવો કરતી હતી. બે વર્ષ પહેલા તેણે જીપીએસીમાં પ્રથમ રેન્ક સાથે પરીક્ષા પાસ કરી હોવાની ખોટી પ્રસિદ્ધિ મેળવી હતી. નિશા વ્હોરાનું સન્માન સોજીત્રાના ધારાસભ્ય અને મુખ્યમંત્રી પણ કરી ચુક્યા છે. જે-તે સમયે નિશા વ્હોરાએ જીપીએસસીની પરીક્ષા પાસ કરવા માટે સંઘર્ષની ખોટી કહાની પણ કહી હતી. તૈયારી માટે કોઈ ક્લાસિસ જોઈન કર્યા વગર જ આપબળે સફળતા મેળવી હોવાનો નિશાએ દાવો કર્યો હતો.

# કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા રચાયેલી કમિટીએ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી

ગાંધીનગર,તા.૦૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય શુભેચ્છા મુલાકાત રાજ્યમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસ્સદો તૈયાર કરવા રચવામાં આવેલી કમિટીના અધ્યક્ષ અને સભ્યોએ ગાંધીનગરમાં લીધી હતી. કમિટીના અધ્યક્ષ અને સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ શ્રીમતી રંજના દેસાઈ અને સભ્યો નિવૃત વરિષ્ઠ આઈ.એ.એસ સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર તેમજ ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબહેન શ્રોફ મુખ્યમંત્રીને મળ્યા હતા. રાજ્ય સરકારે આ કમિટીની રચના કર્યા બાદ પ્રથમ વાર કમિટીના અધ્યક્ષ અને સભ્યોએ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ નાગરિકોને સમાન હક માટે સમાન નાગરિક ધારો-યુનિફોર્મ સિવિલ કોડનો દેશવ્યાપી અમલ કરવાનો નિર્ણય કરેલો છે. આ હેતુસર, રાજ્ય સરકારે યુ.સી.સી.ની આવશ્યકતા ચકાસવા, કાયદા માટે મુસદ્દો તૈયાર કરવા માટે આ સમિતિની રચના કરી છે.

# તળાજા નજીક વ્હેલ માછલીની રૂા. ૧.૩૫ કરોડની ઉલ્ટી સાથે એક ઝડપાયો



ભાવનગર,તા.૦૫

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તળાજા તાલુકાના સરતાનપર ગામના યુવક પાસેથી રૂપિયા ૧.૩૫ કરોડની કિંમતનો એક કિલો એમ્બરગ્રીસનો જથ્થો કબજે કર્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન સરતાનપરથી રાતાખડા ગામ તરફ જતા રોડ પર એક શંકાસ્પદ વ્યક્તિને ઝડપી લીધો હતો. આરોપીની ઓળખ મેહુલ ઉર્ફે છોટુ રમેશ બાંભણિયા (ઉંમર ૨૫) તરીકે થઈ છે. તેની પાસેથી મળેલો મીણ જેવો નક્કર પદાર્થ એમ્બરગ્રીસ હોવાનું સ્પષ્ટ થયું હતું. એમ્બરગ્રીસ એ વ્હેલ માછલીની ઉલ્ટી છે, જે આંતરરાષ્ટ્રીય બજારમાં 'સમુદ્રી સોનું' તરીકે ઓળખાય છે. આરોપી મેહુલે પૂછપરછમાં જણાવ્યું કે તેને આ જથ્થો સરતાનપરના દરિયાકાંઠેથી મળ્યો હતો. તાજેતરમાં મહુવામાં બે વ્યક્તિઓ પાસેથી પણ આવો જથ્થો મળ્યો હોવાની ઘટના બની હતી. આ પદાર્થની ખરીદી, વેચાણ અને સંગ્રહ પર દેશમાં પ્રતિબંધ છે. પોલીસે જપ્ત કરેલા જથ્થાને વન વિભાગને સોંપી દીધો છે અને આગળની કાર્યવાહી શરૂ કરી છે. એમ્બરગ્રીસની દુર્લભતાને કારણે તેનો મોટા પાયે કાળો કારોબાર ચાલતો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# રાજયની પ્રા.શાળાઓમાં શિક્ષકોની ઘટ, શિક્ષણમંત્રીની કબુલાત



ગાંધીનગર,તા.૦૫

રાજ્યના અનેક જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની મોટી ઘટ જોવા મળી રહી છે. વિધાનસભા ગૃહમાં ઉઠેલા પ્રશ્નમાં આ માહિતી સામે આવી છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સૌથી વધુ ઘટ હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧,૨૬૬, જામનગર જિલ્લામાં ૮૧૮ અને ગીર સોમનાથ જિલ્લામાં ૨૧૧ શિક્ષકોની ઘટ છે. રાજ્ય સરકારે દાવો કર્યો છે કે, શિક્ષકોની ખાલી જગ્યાઓની સામે જ્ઞાન સહાયકોની ભરતી કરીને સમસ્યાનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરાયો છે. પરંતુ હકિકત એ છે કે, જ્ઞાન સહાયકોની પણ યોગ્ય સંખ્યામાં ભરતી નથી કરાઈ. જામનગરમાં માત્ર ૩૮૭ અને દેવભૂમિ દ્વારકામાં ૧૨૨ જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી છે, જે આંકડો શિક્ષકોની ખાલી જગ્યાઓ કરતા ઘણો ઓછો છે. રાજ્યની શાળાઓમાં ન માત્ર શિક્ષકોની જ ઘટ છે, પરંતુ અનેક શાળાઓ એવી છે કે જેમાં આચાર્ય જ નથી. ગુજરાતની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ખાલી જગ્યાઓનો આંકડો ચિંતાજનક છે. રાજ્યમાં ૯૦૦ શાળાઓ એવી છે કે, જ્યાં આચાર્યોની નિમણૂક થઈ જ નથી. વિધાનસભા ગૃહમાં ખુદ શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે આ ખાલી જગ્યાઓ અંગે સ્વીકાર કર્યો છે. પરંતુ સમસ્યાના નિરાકરણ અંગે સરકારી જવાબ આપ્યો હતો. શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, 'વર્ષ ૨૦૨૨-૨૩માં ૧,૫૨૬ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૭૦ આચાર્યોની નિમણૂક કરવામાં આવી હતી. હાલમાં ખાલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલુ છે, શિક્ષણ વિભાગ ખાલી જગ્યાઓ ભરવા માટેના પ્રયાસ કરી રહ્યું છે.' હાલ સ્થિતિ એવી છે કે અનેક શાળાઓમાં આચાર્યના અભાવમાં પ્રભારી આચાર્ય કાર્યભાર સંભાળી રહ્યા છે.

# ખેડામાં વીમાના પૈસા મેળવવા શિક્ષકના ભયાનક પ્રયોગે ત્રણ લોકોના જીવ લીધા

નડિયાદ,તા.૦૫

ગુજરાત પોલીસે ખેડા જિલ્લાના નડિયાદમાં ત્રણ રહસ્યમય મોતનો ભેદ ઉકેલ્યો છે. ૯ ફેબ્રુઆરીના રોજ નશાના સેવનથી ત્રણ લોકોના મોત થયાની ઘટના પ્રકાશમાં આવી હતી. શરૂઆતમાં આ મામલો ઝેરી દારૂ સાથે પણ જોડાયેલો હતો. પોલીસ તપાસમાં સનસનીખેજ ખુલાસા થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, એક શિક્ષકને તેના પરિવાર માટે વીમાના પૈસા મેળવવા માટે આત્મહત્યા કરવાનો વિચાર આવ્યો. મૃત્યુ કુદરતી અથવા આકસ્મિક હોય તો જ વીમાની રકમ પીડિત પરિવારને જાય છે.

# કીર્તિદાન પર ધીરૂ ગજેરાનો પ્રહાર : સ્માર્ટ મીટર મામલે સરકારની વાહવાહી બંધ કરો

સુરત,તા.૦૫

ગુજરાતમાં પ્રસિદ્ધ લોકગાયક કીર્તિદાન ગઢવીને લઈને એક વિવાદ સામે આવ્યો છે. જી હા...સ્માર્ટ મીટર મામલે લોકગાયક કીર્તિદાન ગઢવી પર પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ આકરા પ્રહારો કર્યો છે. તેમણે જણાવ્યું કે પ્રજાનો અવાજ બનવાને બદલે સરકારની વાહવાહી કરવી અયોગ્ય છે. તમને જણાવી દઈએ કે કીર્તિદાન ગઢવીએ એક વીડિયો વાયરલ કરીને સ્માર્ટ મીટર સારુ હોવાનું નિવેદન આપ્યું હતું. સુરતમાં કીર્તિદાન ગઢવીનો સ્માર્ટ મીટરને લઈને સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો હતો જેના પર પૂર્વ ધારાસભ્ય ધીરુભાઈ ગજેરાએ વાર કર્યો છે. સ્માર્ટ મીટરને સારુ ગણાવતા કીર્તિદાન પર ધીરુભાઈ ગજેરાએ પ્રહાર કરીને કહ્યું હતું કે, આ લોક કલાકાર ગુજરાતના લોકોનો અવાજ બન્યા નથી. પ્રજાએ તમને એક લોકસાહિત્યકાર બનાવ્યા છે.

# ગાંધીનગરમાં પરીક્ષાની તારીખ અને પરિણામને લઈ વિરોધ પ્રદર્શન




અમદાવાદ,તા.૦૫

ગાંધીનગરમાં આવેલી ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી પર ઉમેદવારોએ પરીક્ષાની તારીખ અને પરિણામ જાહેર કરવાની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું છે. આપના ધારાસભ્ય ચૈતર વસાવા પણ ઉમેદવારોની સાથે જોડાયા હતા. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલી CCE ગ્રુપ-એનું પરિણામ જાહેર કરવાની જ્યારે CCE ગ્રુપ-બીની પરીક્ષાની તારીખ જાહેર કરવાની માગ કરવામાં આવી છે. એક મહિના પહેલા ગ્રુપ-એની પરીક્ષા લેવામાં આવી હતી. આ બે માગ સાથે ઉમેદવારોએ આજે ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી પર એકત્ર થઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો.








